: લેખકના અન્ય પ્રકાશનો :

(૧) કાઠી ઈતિહાસ અને સંસ્કૃતિ - કિં. ૬૫/-

(૨) પ્રાચીન ભારતના વિદેશીયાત્રી - કિં. ૭૦/-

હવે પછી

(૩) મધ્યકાલીન ભારતના વિદેશીયાત્રી

(૪) ઈતિહાસ એટલે શું ?

: પ્રાપ્તિ સ્થાન :
પુષ્પરાજ આર. ધાધલ
તા. ચોટીલા
જી. સુરેન્દ્રનગર
મુ. સણોસરા - ૩૬૩૫૨૦

ભૂચર મોરીની લડાઈ



: લેખક :
પ્રા.પ્રદ્યુમ્ન ભ. ખાચર

હાલમાં આ પુસ્તક આઉટ ઓફ પ્રિન્ટ છે.

ભૂચર મોરીની લડાઈ

: લેખક :
પ્રા.પ્રદ્યુમ્ન ભ. ખાચર
અધ્યક્ષ
ઈતિહાસ વિભાગ
ડૉ. સુભાષ મહિલા કોલેજ
મનોરંજન કંપાઉન્ડ
જૂનાગઢ

: પ્રકાશક :
શ્રી જોરાવરસિંહ બી. જાડેજા
મુ. સુકી સાજડીયાળી
પો. ભાડવા (ચંદ્રસિંહ)
તા. જિ. રાજકોટ – ૩૬૦ ૦૩૦.
ફોન : ૮૧૫૫૬

by - Prof Praduman B. Khachar


પ્રકાશક :
શ્રી જોરાવરસિંહ બી. જાડેજા
મુ.સુકી સાજડીયાળી
પો.ભાડવા (ચંદ્રસિંહ)
તા.જિ.રાજકોટ ૩૬૦ ૦૩૦
ફોન : ૮૧૫૫૬

પ્રથમ આવૃત્તિ – ૨૦૦૦

નકલ – ૫૦૦

કિ.રૂા.૨૫/–

: મુદ્રક :
આદર્શ ઓફસેટ
૧, તિરૂપતિ નગર, નિર્મલા કોન્વેન્ટ રોડ,
નવી કેન્સર હોસ્પિટલ સામે,
રાજકોટ–૫
ફોન : ૫૭૪૮૩૮



અર્પણ

જાડેજા કુળના સ્વ. રા.રા.શ્રી ભરતસિંહ

ગગુભા

સુકી સાજડીયાળી

ને

અનુક્રમણિકા

: પ્રસ્તાવના :

ભૂચરમોરીની લડાઈએ સૌરાષ્ટ્રને અને સૌરાષ્ટ્રના રાજપૂતી ક્ષાત્રધર્મને ૧૬મી સદીમાં આખા ભારતમાં જાણીતું કર્યું. મહમદ ગઝનીની સોમનાથની ચડાઈ વખતની લડાઈ પછીતો સૌરાષ્ટ્રની ધરતી ઉપર મીઠોઈની લડાઈ, ચિતલની લડાઈ, ભીમોરાની લડાઈ જેવી અંદરોઅંદરની નાનીનાની લડાઈઓતો અનેક થઈ હતી. તેમાં સોમનાથની ઈ.સ.૧૦૨૪/૨૫ની લડાઈ અને આ ભૂચરમોરીની લડાઈ મોટી લડાઈ અને તે પાછી વિદેશીશાસક સાથેની અને દિલ્હીના સમ્રાટ અકબરના સુબા સાથેની હતી. તેથી તેની અન્ય લડાઈઓ કરતા અગત્યતા ઈતિહાસમાં વધી જાય છે. તેથી કેટલાંક ઈતિહાસકારોએ તો આ યુદ્ધને સૌરાષ્ટ્રના પાણિપતની ઉપમા આપી છે, તો અમુક લેખકોએ આ યુદ્ધને પાણિપતની ભાણેજડી કહીને બિરદાવ્યું છે.

આ લડાઈ સૌરાષ્ટ્રના લોકોની સ્મૃતિ અને લોકકથાઓ, દુહાઓ અને ગીતોમાં ચિરસ્મરણિય બની છે. આ લડાઈનું કારણ પણ સૌરાષ્ટ્રનો ક્ષાત્રધર્મ, રાજપૂતીધર્મ અને આશરાધર્મના માટેનું હતું. જેમાંથી ૧૬ મી સદીના ભારતની શૂરવીરતા અને નેકટેકનો ખ્યાલ જાણવા મળે છે.

આ લડાઈ ભારે સ્પર્ધાત્મક અને લશ્કરી દષ્ટિએ નિર્ણાયક અને જંગી પાયા પર ખેલાયેલી મોટી મહ□વની અને સૌરાષ્ટ્રની ભૂમિ પરની આ ભયંકર છેલ્લી લડાઈ હતી. સૌરાષ્ટ્રને માટે રાષ્ટ્રીય કક્ષાનું કહી શકાય એવું રાજપૂતો અને મુસ્લીમો વચ્ચે લડાયેલું અમીટ છાપ છોડતું યુદ્ધ હતું.

આપણે અત્યારે ચારસો જેટલા વર્ષ પછી તે સમયની વીરતા, ક્ષાત્રવટ અને આશરાધર્મની વાત કરવા આ ૨૧મી સદીના ઉતાવળિયા યુગમાં જઈ રહયા છીએ. તેથી જ આજ સુધીમાં ભૂચરમોરી વિશે લખનાર અમુક લેખકોને તે વીરતા, ક્ષાત્રવટ કે આશરાધર્મની વાત આધુનિક યુગમાં બહુ સમજાય નહોતી અને તેમણે માત્ર આધુનિક દષ્ટિકોણથી જ એ યુદ્ધને મુલવ્યું હતું અને લખ્યું હતુ કે જામ સતાજીએ પરિસ્થિતિને જોયા વિના બન્ને પક્ષની શકિતનો વિચાર કર્યા વિના ક્ષાત્રધર્મ માટે આવા મોટા યુદ્ધને નોતર્યુ હતું તેમ લખે છે.

આ બાબત આજે આ યુગમાં આપણે આ યુગના ધોરણો મુજબ મૂલવીએ છીએ. તે સમય ૧૬ મી સદીનો હતો. તે સમયે તો આ જ ધર્મ અને બિરદાવલીઓ બને તેવું કાર્ય હતું તેથી તે દષ્ટિથી આ યુદ્ધને મૂલવવું જોઈએ.

ભૂચરમોરીની લડાઈની વિગતો જામનગર રાજયના બે ગ્રંથો વિભાવિલાસ કવિ વજમાલજી મહેડુ ૧૮૯૩ અને યદુવંશપ્રકાશ માવદાનજી રત્નુ ૧૯૩૪ માંથી મળે છે. આ સિવાય દિવાન રણછોડજીના તારીખે સોરઠ–વ–હાલારમાં મિરાંતે સિંકદરી, તબકાતે અકબરી, અકબરનામા, મિરાતે અહમદી, ભગવાનલાલ સંપતરામનો સૌરાષ્ટ્રનો ઈતિહાસ, બેલનું હિસ્ટ્રી ઓફ કાઠિયાવાડ, વોટસનનું કાઠિયાવાડ સર્વસંગ્રહ વગેરેમાં થોડીઘણી વિગતો છે. આટલા આધાર સાધનો ઉપરથી જ આજ સુધી આપણને ભૂચરમોરીની લડાઈ વિશે જાણવા મળ્યું છે.

આ ગ્રંથોનો અભ્યાસ કરીને ઐતિહાસિક ત□વને બરાબર જાળવી રાખીને જ ઈ.સ.૧૯૩૮ માં શ્રી ઝવેરચંદ મેઘાણીએ આ લડાઈના ઈતિહાસમાંથી " સમરાંગણ", નામની નવલકથા લખી હતી ત્યારબાદ તો ભૂચરમોરી વિશે છ આઠ પેજના લેખો ડો.આર.જી.પરીખ ૧૯૭૪ શ્રી જયમલ્લ પરમાર, ડો.કલ્પા માણેક ૧૯૯૬ શ્રી હસમુખભાઈ વ્યાસ ૧૯૯૭માં વગેરે વ્યકિતઓએ લખ્યા હતાં.

પરંતુ તે બધા જોઈને ભૂચરમોરીની લડાઈને સરળ સ્વરૂપમાં મુદાસર રીતે અહીં મે લેખ સ્વરૂપે નહીં પણ પુસ્તિકા સ્વરૂપે આલેખવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે જેમાં ચારણી સાહિત્યના ગીતો અને દુહાઓનો પણ સમાવેશ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેથી કરીને આજના વિજ્ઞાનના અને ઝડપી યુગમાં લોકોને ખ્યાલ આવે કે ચારણોએ કેવા અલંકારો અને શબ્દો વાપરીને ગીતો તૈયાર કર્યા હતાં.

આ લડાઈ અકબરના સુબા અઝીઝ કોકા અને જામ સતાજી વચ્ચે ઈ.સ.૧૫૯૧ માં થઈ હતી.

આ પુસ્તિકા પ્રસિદ્ધ કરતી વખતે જો હું આ વ્યકિતઓને યાદ ન કરું અને તેનો આભાર ન વ્યકત કરું તો નગુણો ગણાવ કે જેઓના સાથ સહકારથી આ પુસ્તિકાને આપ સુધી પહોંચાડી શકાઈ છે. એવા મારા કોલેજકાળનાં મિત્ર ચોટીલાના પી.એસ.આઈ. શ્રી પ્રદિપસિંહ જી. જાડેજા (સુકી સાજડીયાળી) નો ખૂબ જ આભારી છું. મુખપૃષ્ઠ ઉપરના

ચિત્ર માટે શ્રી માતુરામ વર્માનો પણ હું ઋણી છું. જે ચિત્ર હલ્દીઘાટીનું છે. અહીં પણ તેવી જ ઘટના બની હતી. તે દાવે પસંદ કર્યું છે. જેની પાસે સૌરાષ્ટ્રમાં સમૃદ્ધ એવી લાઈબ્રેરી છે. જેનો ઉપયોગ તેમણે હસતા મોઢે મને કરવા દીધો છે. એવા ધોરાજીના શ્રી હસમુખભાઈ વ્યાસનો પણ હું આભાર વ્યકત કરું છું ખૂબ જ ઓછા સમયમાં સુંદર સ્વચ્છ પ્રિન્ટીંગ કરી આપનાર આદર્શ ઓફસેટવાળા શ્રી ફઝલ જી. ઈયલ નો આભાર વ્યકત કરું છું.

૦૧/૧૧/૨૦૦૦

લાભપાંચમ

જૂનાગઢ

પ્રા.પ્રદ્યુમ્ન બી.ખાચર

૧૦ શ્રીજી બાવાનગર,

નંદનવન મેઈન રોડ,

જોશીપરા,જૂનાગઢ

ફોન : ૬૫૪૦૫૫

જાડેજા રાજવંશનો ટૂંક ઈતિહાસ

જાડેજા રાજવંશના પ્રમાણભૂત, જીણવટભરી રીતે, પૂર્ણપણે ગરાસપ્રમાણે અને શાખા પ્રમાણે ઈતિહાસ જાણવા માટેના ત્રણ મહ□વના પુસ્તકો છે. (૧) વિભાવિલાસ – કવિ વજમાલજી મહેડુ, ઈ.સ. ૧૮૯૩ (૨) ગોંડલનો ઈતિહાસ, ઈ.સ.૧૯૨૪ રાજવૈદ્ય જીવરામ કાળીદાસ શાસ્ત્રી (૩) યદુવંશ પ્રકાશ – રાજકવિ માવદાનજી ભીમજીભાઈ રત્નુ, ઈ.સ. ૧૯૩૪

આ લડાઈ જાડેજાઓ અને અકબરના ગુજરાતના સુબા અઝીઝ કોકા વચ્ચેની હોવાથી તે જાડેજાવંશનો થોડોક ઈતિહાસ જાણવો અસ્થાને નહીં ગણાય. જાડેજા અટક પડયા વિશેના બે ત્રણ મતો છે કે જામ જાડાના પુત્ર હોવાથી જાડેજા કહેવાયા. કચ્છી ભાષામાં જાડેજો એટલે જાડાનો પુત્ર કહેવાય છે. આ જાડેજાના મૂળપુરૂષ બેલડાં જનમ્યા હતાં અને બેલડાને સિંધી અને કચ્છી ભાષામાં જાડા પણ કહે છે. તેથી તેના વંશજો જાડેજા કહેવાયા.

જયારે અમુક વિદ્વાનોને મતે યદુવંશી રાજાઓને જે પહેલા યદુજા કહેતા તેમાંથી અપભ્રંશ થતાં થતાં જદુજા, જાદુજા, જાદેજા, જાડેજા થયું હોવાનું માનવામાં આવે છે.

જામનગરના જાડેજા મહોબતસિંહ વી. (મેમાણા) લખે છે કે હિંગળાજ માતાના જડબામાં સંતાયા તે પરથી જાડેજા અટક પડી છે. જાડેજાનું ગૌત્ર–અત્રી વંશ ચંદ્ર, કુળ વૃષણી, કુળમાતા અનસુયા, વેદ–સામવેદ, શાખા માધની, ત્રિપ્રવર ક્ષત્રિ, યાત્ર અને સોમ, મહાદેવ સિદ્ધેશ્વર ગણપતિ મહોદત છે.

જામ જાડો કચ્છનો ઘણો જ લોકપ્રિય રાજા હતો તેનો જન્મ ઈ.સ.૧૧૦૪માં થયો હતો. તે જામ જાડો ઈ.સ.૧૧૨૬ ગાદીએ બેઠો પરંતુ તેને કોઈ પુત્ર ન હોવાથી તેણે પોતાના નાનાભાઈ વૈરજીના બે પુત્ર (લાખો, લાખીયાર બેલડાં જનમ્યાં હતાં) હતાં. તેમાંથી લાખાને દત્તક લીધો અને નગર સમેની ગાદીએ બેસાડયો. પરંતુ પાછળથી જામ જાડાને એક પુત્ર થયો હતો. તેનું નામ ધાયોજી રાખવામાં આવ્યું હતું. પરંતુ પછી આ બન્ને ઓરમાન ભાઈઓને ન બનતા લાખો અને લાખીયાર કચ્છમાં આવતા રહયા અને ત્યાં ધાણેરી ગામ વસાવી ત્યાં સત્તા ચલાવવા લાગ્યા અને પદ્ધરગઢની બાજુમાં પોતાના ભાઈના નામ ઉપરથી

લાખીયાર વિયરો નામનું ગામ વસાવી ત્યાં ઈ.સ.૧૧૪૮ માં જાડેજા વંશની ગાદી સ્થાપી હતી.[૧]

આ જાડેજા બેલડાનો એ દુહો મળે છે.

" લાખોને લાખીયાર બેઉ જન્મયા જાડા
વૈરં ઘર લાખો વડો જેઘું જાડેજા "

અર્થ :– લાખો અને લાખીયારબેઉ બેલડાના જનમ્યા વૈરજીનો મોટો દીકરો લાખો જેમાંથી જાડેજા રાજપૂત થયા.

આ સિંધ કચ્છના જામરાવલજીએ નવાનગર (જામનગર) વસાવ્યું જે જામ શબ્દ માટે વિદ્વાનોમાં જુદી જુદી કલ્પનાઓ છે. (૧) સમાવંશના મૂળપુરૂષ સમાના પુત્ર નૃપતે ગિઝની ફતેહ કર્યુ ત્યારે ત્યાં ઘણો જ માનવંતો ખિતાબ (જામનો) અપાયો હતો. (૨) અમુક વિદ્વાનો એમ પણ લખે છે કે નૃપતે ગિઝની જીતવા ફોજની જમાવત કે જમાવટ કરી, જેથી જામ કહેવાયા. (૩) સિંધનો શાહ સુમખાન પારસી શહેનશાહ જમશીદના વંશો વિસરાયા અને જમસેદ ઉપરથી તેણે જામનો ખિતાબ મેળવ્યો હતો. (૪) કોઈ એમ પણ કહે છે કે બીજાઓ પાસેથી જમા (ખંડણી) લેવાથી જામ શબ્દ તેની સાથે જોડાયો છે.[૨]

પરંતુ જામ શબ્દ મરૂભાષાનો લાગે છે. જેનો અર્થ પિતાનો છે. એનો સ્ત્રીલીંગ વાચી જામણ શબ્દ માતાને બદલે બોલાય છે. અહીં મને તો જામ માટે ચોથો અર્થ બરાબર બંધ બેસતો જણાય છે એટલે કે જામ એ પદવી જ છે.

જાડેજામાં મુખ્ય બે શાખાઓ છે સમા અને સુમરા આ ઉપરાંત જાડેજાઓમાં ત્રણ શાખાઓ છે. (૧) સાહેબજી (૨) રાયબજી (૩) ખેંગારજી આ સિવાય ૨૩ જેટલી પેટા શાખાઓ છે.

આ જાડેજા રાજવંશના કચ્છ અને નવાનગરના બે સૌથી મોટા રાજયો હતાં. કચ્છને ૯૩૫ ગામ હતાં. જયારે નવાનગરને ૬૩૩ ગામો હતાં. જે નવાનગરે મુજજફરશાહને આશ્રય આપ્યો તેના માટે યુદ્ધ કર્યુ. જે કચ્છના રાવ ભારમલજીએ એજ જાડેજાના આશ્રિત મુજજફરશાહને મુસ્લિમોને સોંપી દઈ મોરબી પરગણું મેળવ્યું હતું.

: જામનગરની સ્થાપના :

આ લડાઈમાં મુખ્ય ભાગ ભજવનાર નવાનગર (જામનગર) નો પણ ઈતિહાસ જાણી લઈએ. જેમ ઘણા શહેરો વસવા પાછળ જે દંતકથાઓ પ્રચલિત છે, દા.ત. અમદાવાદ હળવદ. જામનગર માટે પણ તેવી જ દંતકથા છે કે જામરાવલજી ચોમાસામાં ખંભાળિયાથી પૂર્વની ભૂમિમાં નાગનાં બંદર તરફ જઈ રહયા હતાં. ત્યાં નાગના બંદર તરફ જઈ રહયા હતાં. ત્યાં નાગના બંદર નજીક આવતા જાળામાંથી એક સસલું ઉઠયું તેની પાછળ શિકારી કૂતરાઓ પડતાં તે સસલું પાછું વળી કૂતરાં સામે થયું. તે દશ્ય જોઈ જામસાહેબને થયું કે આ ભૂમિ પ્રબળ છે. એમ ધારી જયોતિષ પાસે મૂહર્ત જોવડાવી સંવત ૧૫૯૬ (ઈ.સ.૧૫૪૦) ના શ્રાવણ સુદ–૭ ને બુધવારે સ્વાતિ નક્ષત્રમાં જામનગરનો પાયો નાંખ્યો હતો.[૩]

આજનું જામનગર જાડેજાઓ પહેલા નાગ જેઠવાના તાબે હતું તે નાગ જેઠવાએ બાંધેલું એનું નામ નાગની પાડી દેવામાં આવેલું જેને કચ્છમાંથી આવેલા જામરાવળે નાગબંદરનું નામ બદલીને નવાનગર રાખ્યું.[૪]

જામનગરની સ્થાપના વિશે કાઠિયાવાડ સર્વસંગ્રહ અને યદુવંશપ્રકાશ કરતા જરાક જુદુ પડીને તારીખે સોરઠ–વ–હાલાર લખે છે કે નવાનગરની સ્થાપના સંવત ૧૫૯૫ (ઈ.સ.૧૫૩૯) ના શ્રાવણ સુદ–૮ ને બુધવારે થઈ હતી તેમ લખે છે.[૫]

આ નવાનગરનું રાજય પહેલા વર્ગના રાજયોમાં બીજાનંબરનું હતું (ભૂચર મોરીના યુદ્ધ સમયે નહીં) જેને ૬૩૩ ગામો હતા. જેની વાર્ષિક ઉપજ આશરે રૂા.૨૨ લાખની થતી હતી. તેના તાબામાં ૩૭૯૧ ચોરસમાઈલ જમીન હતી. ઈ.સ.૧૮૯૫માં જામનગર રાજકોટ રેલવે જામસાહેબે બંધાવી હતી. જામસાહેબના ભત્રીજા કુમાર દાજીરાજ ફ્રાન્સની લડાઈમાં શહીદ થયા હતા. બીજા ભત્રીજા સવાઈસિંહ આફ્રિકાની લડાઈ લડયા હતાં.[૬] જામ રણજીતસિંહ પ્રથમ વિશ્વયુદ્ધમાં લડયા હતાં, અને એક આંખ ગુમાવી હતી. જયારે મેજર જનરલ રાજેન્દ્રસિંહને તો કોણ ઓળખતું નથી તેઓ હેદ્રાબાદ સંગ્રામના બડભાગી વિજેતા હતાં.[૭]

જામનગરમાં શત્રુશલ્ય નામની એક આખી બટાલિયન હતી. જેમાં ૩૪ કમાન્ડ

ઓફિસર્સ અને ૮૩ નોન કમાન્ડ ઓફિસર્સ હતાં અને ૫૮૦ જેટલા સૈનિકો હતાં. જામ રણજીતસિંહ એક સારા ક્રિકેટર હતાં અને આજીવન અપરણિત રહયા હતાં. જે જામ રણજીતસિંહના દત્તકપુત્ર જામ દિગ્વિજયસિંહજી એ સોમનાથના જીર્ણોદ્ધારમાં બહુ મોટો ભાગ ભજવ્યો હતો. જે જામ દિગ્વિજયસિંહજી સૌરાષ્ટ્રના એકીકરણ પછી રાજપ્રમુખ પણ બન્યા હતાં. જેઓ લશ્કરમાં મેજરનો હોદો ધરાવતા હતા. તેમને છઈહઈકઈયઈ (નાઈટ કમાન્ડર સ્ટાફ ઓફ ઈન્ડિયા) અને નઈહઈકઈયઈ નો ઈલ્કાબ મળ્યો હતો. હાલમાં જામનગરમાં આ જામ દિગ્વિજયસિંહજીના પુત્ર શ્રી જામશત્રુશલ્યજી બિરાજે છે.

: મોગલ સમ્રાટ અકબર અને જામસતાજીનો પરિચય :

જામનગરની ગાદીના સ્થાપકશ્રી જામરાવળજીના પુત્ર જામવિભાજીના પુત્ર જામસતાજીને (ઈ.સ.૧૫૬૯ થી ૧૬૦૮) આ મહાન મોગલ સમ્રાટ અકબરના સુબા અઝીઝ કોકા સાથે યુદ્ધ થયું.

એ અકબર બાદશાહ ઈ.સ.૧૫૫૬ થી ૧૬૦૫ સુધી હિંદુસ્તાનની ગાદી ઉપર હતો. હુમાયુની નાસભાગને કારણે જયારે અકબરની માતાએ અમરકોટના રાજપૂત રાજાના કિલ્લામાં આશ્રય લીધો હતો. આ રાજપૂતે પણ અતિથિ પરંપરા અનુસાર આ હુમાયુના રજળતા પરિવારને આશ્રય આપ્યો હતો. (જામ સતાજીની ટીકા કરનારા એમ પણ વિચારતા હશે કે જેના બાપે રામજન્મભૂમિ તોડી નાંખી તેના પુત્રને આપણે આશરો આપ્યો પરંતુ આ રાજપૂતોનો ધર્મ હતો. ત્યારે આવી કોઈ બાબત જોવામાં આવતી નહીં.)

જે અમરકોટના રાજપૂતના કિલ્લામાં ૧૫ ઓકટો ૧૫૪૨ના રોજ અકબરનો જન્મ થયો હતો. જે અકબરે આગળ જતા રાજપૂતોને પોતાના હિતેચ્છુ અને મિત્રો પણ બનાવ્યા અને લગ્ન સંબંધો પણ બાંધ્યા હતાં. પરંતુ આજના નવા સંશોધનો પછી સાબિત થયું છે કે આ રાજપૂતોએ કુટનીતિ વાપરી તેની રખાતોની દીકરીઓ જ પરણાવી હતી, કોઈએ તેની કુંવરીઓ પરણાવી નહોતી. અકબરને પણ રાજય સત્તા સંભાળતા જ ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. અકબરે અનેક લડાઈઓ કરી પોતાના સામ્રાજયને દૂરંદેશીનીતિ વાપરી વિશાળ બનાવ્યું હતું. જેમાં ગુજરાતના રાજપૂતોને માટે અકબરના બે

યુદ્ધો પ્રખ્યાત છે. (૧) હલદીઘાટીનું યુદ્ધ (૨) ભૂચરમોરીની લડાઈ આ સિવાય અકબરે માળવા, સુરત, અમદાવાદ, અસીરગઢ, અહમદનગર, રોહતાસગઢ, બંગાળ એવી અસંખ્ય લડાઈઓ લડી હતી. જેમાં અકબરે ઈ.સ.૧૫૭૩માં ગુજરાત વિજયની યાદમાં ફતેહપુર સિક્રીમાં બુલંદ દરવાજો બનાવ્યો હતો.

અકબરે બધા ધર્મોના સારરૂપ દિનેઈલાહી નામના નવા ધર્મની સ્થાપના કરી હતી. જે સૂર્યપૂજા પણ કરતો હતો. સિંકદરામાં (આગ્રા) આવેલ અકબરના મકબરામાં તેનું મસ્તક પણ સૂર્યની દિશામાં રાખવામાં આવ્યું છે.૮

જેના દરબારમાં નવરત્નો બિરાજતા હતાં. પોતે પણ સાહિત્યનો શોખિન હતો. જેનો રાજય વહીવટ નમૂનેદાર હતો. તેના અધિકારી અબુલ ફજલે અકબરનામા અને આઈનેઅકબરી નામના અકબરના કાળનો ઈતિહાસ જાણવાના નમૂનાપાત્ર ગ્રંથો આપ્યા છે. અકબરના વિરોધી એવા બદાયુનીએ તારીખે બદાયુની લખ્યું તેમાંથી અકબરની અમુક ત્રુટીઓ જાણવા મળે છે.

અકબર પહેલા હુમાયુએ પણ ગુજરાત જીતી લીધું હતું પરંતુ પછી શેરશાહે હુમાયુને તગડી મુકતા ગુજરાત પાછું સ્વતંત્ર બની ગયું હતું. તે પાછું અકબરે ઈ.સ.૧૫૭૩માં જીતી લીધું અને ઈ.સ.૧૫૯૧ માં સુલતાન મુજફ્ફર માટે ભૂચરમોરીની લડાઈ થઈ

જામ સતાજીનો જન્મ વિ.સ.૧૫૮૭ વૈશાખસુદ ૧૩ ના દિવસે થયો હતો. તે નવાનગરની ગાદી ઉપર સંવત ૧૬૨૫ ના મહાસુદ–૫ના દિવસે બેઠા હતાં. ગાદી ઉપર બેસતા તેમણે સંવત ૧૬૨૬માં ચાણકય બુદ્ધિથી ગુજરાતના સુલતાન પાસેથી પરવાનગી મેળવી પોતાનું ચલણ બહાર પાડયું હતું.

જામસતાજીએ આ કોરી બહાર પાડવા એક કોથળીમાં બાદશાહના સિકકા સાથે પોતાની કોરીને મૂકીને સાથે પત્ર લખ્યો કે અમારા અન્ય રાજપૂતો પોતાની કુંવરીઓ જેમ બાદશાહને પરણાવે છે. તેમ હું મારો આ કુંવરી નામનો સિકકો બાદશાહના રૂપિયા સાથે પરણાવું છું. આવી યુકિત કરી અને પ્રશંસાથી સુલતાને કોરીના ચલણની મંજૂરી આપી દીધી હતી. આ જામસતાજીને ત્રણ રાણીઓ હતાં. જેમાં પ્રથમ રાણી સરધારના વાઘેલા રાયમલજીના પુત્રી વિરાજીબાની કુખેથી અજાજી, જસાજી અને મોડજી જન્મયા હતા.

: સુલતાન મુજજફરશાહ ત્રીજાનો પરિચય :

મહમૂદ ત્રીજાનો અનૌરસ દીકરો મુજફફરશાહ નામ ધારણ કરીને ઈ.સ.૧૫૬૧માં ગુજરાત નો સુલતાન બન્યો હતો. આ મુજફફરશાહ ત્રીજાના ઈતિહાસમાં તે ખરેખર કોનો પુત્ર હતો તે નકકી થઈ શકતું નથી. અહમદશાહ ત્રીજાને કોઈ વારસદાર ન હતો. એ સમયે ઈતિમાદખાન નામના સુબાએ પાક કુરાનના સોગન ખાઈને કીધું હતું કે આ નથુ મહમદનો પુત્ર છે. આ નથુ માટે જુદી જુદી જગ્યાએ નથુ, નટુ અને તન્નુ જેવા નામો જોવા મળે છે. આ મુજફફરશાહનો પિતા ગોવાળ જાતિનો હતો. તેની માતાને મહમૂદે જનાનામાં રાખી હતી. તેનું શું કરવું તે નકકી થતાં પહેલા જ નથુનો જન્મ થયો હતો. તબકાતે તેની માતાનું નામ જારિયા કહે છે. જે સુલતાનના જનાનામાં રહેતી હતી. તો ફિરીસ્તા તેનું નામ હબુ કહે છે. સિંકદરી એમ કહે છે કે મહમૂદના મરણ સમયે નથુ તેની માતાના પેટમાં હતો. તેણે પાછળથી તેને જન્મ આપ્યો હતો.૯ અકબરનામામાં તેને હલકી જ્ઞાતિમાં જન્મેલા નથુ નામના બાળક તરીકે બતાવ્યો છે.

આ બદનામ બાળક નથુને મુજફફરશાહ ત્રીજો કહીને ગુજરાતના સુબા ઈતિમાદખા એ ખોટી રીતે સુલતાન મહેમૂદના પુત્ર તરીકે ઠરાવીને ગાદીએ બેસાડી દીધો અને પોતેજ રાજયની લગામ પોતાના હાથમાં રાખી હતી. એ રીતે મુજફફરશાહ ગુજરાતની સલ્તનતનો સાચો વારસદાર પણ ન હતો. પરંતુ ઈતિમાદખાનનો પ્યાદારૂપ સુલતાન હતો.

મુજફફરશાહ ત્રીજો તદન નિર્બળ અને અયોગ્ય હતો. લોકોની પણ ધારણા હતી કે તે ભૂતપૂર્વ સુલતાન મહમદશાહનો સાચો પુત્ર ન હતો. એટલે ગુજરાતના અમીરો અને સરદારો પણ ષડયંત્ર કરતા હતા. જે ઈ.સ.૧૫૭૨થી ૧૫૮૩ સુધી જેલમાં રહયો હતો. આ મુજફફરશાહ ત્રીજાને પોતાના પ્યાદારૂપ સુલતાન તરીકે ગાદીએ બેસાડવા ઈતિમાદખાને અહમદશાહ ત્રીજાનું ખૂન કરાવ્યું હતું.

આ ઈતિમાદખાને જ અકબરને ગુજરાત જીતવાનું નિમંત્રણ આપ્યું હતું. ઈ.સ.૧૫૭૨માં અકબરે ફતેહપુર સિક્રીથી ગુજરાત જીતવા માટે કૂચ શરૂ કરીને પાટણ જીતી અમદાવાદ તરફ આવતો હતો. ત્યાં રસ્તામાં કડી પાસે જોટાણા મુકામે મુજફફરશાહ કેદી

તરીકે પકડાયો કે શરણે આવ્યો. એ રીતે એક પણ લોહીનું ટીપુ પાડયા વગર ગુજરાત અકબરને તાબે થઈ ગયું પરંતુ પછી તે ઈ.સ.૧૫૮૩માં કેદમાંથી નાસી છુટયો. તે પછી લોમા ખુમાણની આગેવાની નીચે ૩૦૦૦ થી ૪૦૦૦ કાઠી ઘોડેસવારોની મદદથી તેણે અમદાવાદ પણ જીતી લીધું હતું એ સાથે વડોદરા, ભરૂચ પણ જીતી લીધા હતાં આ સમયે સુબા ઈતિમાદખાનને નબળો ગણીને તેની બદલી કરીને તેની જગ્યાએ મિરઝા અબ્દુર રહીમખાનને (ખાનખાનાન) મોકલ્યો. તે પછી મુજફફરશાહ અને ખાનખાનાન વચ્ચે સરખેજ મુકામે ૮ ફેબ્રુ.–૧૫૮૪ ના રોજ યુદ્ધ થયું તેમાં મુજફફર હારી જતાં તે ખંભાત તરફ નાસી ગયો હતો. ત્યાંથી વડોદરા ગયો અને રાજપીપળાના ઝાંબાના પહાડમાં સંતાઈ ગયો તેના નસીબતો જૂઓ પછી જયારે બહાર આવ્યો ત્યારે નાંદોદ પાસે ખાનખાનાન અને મુજફફર વચ્ચે માર્ચ ૧૫૮૪ ના રોજ યુદ્ધ થયું તેમાં પણ મુજફફરને દગો થયો હતો અને લશ્કર મોગલો સાથે મળી ગયું.

અંતે રખડતા રખડતા જામસતાજીના આશ્રયે આવ્યો. ત્યાં ભૂચરમોરીના યુદ્ધમાં પણ દગો થયો એ એના નસીબ જૂઓ વળી ભાગ્યો શિવરાણા વાઘેરના આશ્રયે રહયો ત્યાંથી પણ ભાગ્યો તે રાવ ભારમલ આશ્રયે રહયો અંતે ત્યાં પણ નસીબે અને રાવ ભારમલે દગો દઈ મુજફફરને મોગલ લશ્કર પાસે પકડાવી દીધો.

: ભૂચરમોરીની લડાઈનું કારણ :

યુદ્ધ આમતો મુજફફરશાહના કારણે થયું પરંતુ છતાં જામસતાજી અને જૂનાગઢના અમીનખાનની શકિત પણ વધતી જતી હતી તેથી આ મોગલ સુબેદારો આ બન્ને શકિતઓને આ યુદ્ધ ન થયું હોત તો દબાવવા માટે કાંઈક કરવાના જ હતા.

યુદ્ધ થવાનું મુખ્ય કારણ એ હતુ કે ઈ.સ.૧૫૭૩ માં અકબરે ગુજરાતના છેલ્લા સુલતાન મુજફફરશાહ ત્રીજા પાસેથી ગુજરાત જીતી લીધું જયારે મુજફફરશાહે ફરી પાછા અમદાવાદ, સુરત, ભરૂચ, જીતી લીધા હતાં. એ સમયે ગુજરાતનો સુબો અબ્દુર રહીમખાન આ બંડને શાંત ન પાડી શકતા એ સમયે ગુજરાતમાં શાંતિ સ્થાપવા અકબરે પોતાના દૂધભાઈ મિરઝા અઝીઝ કોકાને ગુજરાતના સુબા તરીકે અમદાવાદ મોકલ્યો. જેણે મુજફફરશાહને

પકડીને લીધો અને તેને માનસહિત રાખી એક જાગીર પણ આપી હતી અને ખ્વાજા શાહ મનસુરને તેની દેખરેખ માટે નીમ્યો હતો. આ ખ્વાજા મનસુરની નજરકેદમાંથી મુજફ્ફરશાહ છટકી ગયો.

પરંતુ અહીં નવાઈની વાત એ છે કે આવો મહ□વનો રાજકેદી તેમાં પાછો સુલતાન જે ભાગી ગયો ત્યારે તેની વ્યવસ્થા કેવી હશે તે કઈ રીતે ભાગ્યો દગો કરીને કે કોઈને ફોડીને કે પહેરગીરીને સૂતા મૂકીને તે જાણવા મળ્યું નથી. તે સમયની આ બહુ મોટી સુરક્ષા વ્યવસ્થાની ખામી કહી શકાય.

વિભાવિલાસ મુજફ્ફરશાહના કેદમાંથી ભાગ્યા વિશેનું કારણ નોંધે છે કે જૂનાગઢ નો સુબો તાતારખા ધોરી તે હવે સુલતાનનું માનતો ન હતો અને જૂનાગઢનો સ્વતંત્ર માલિક બની ગયો હતો. ત્યારે આ સ્વતંત્ર બનેલા તાતારખાનને નમાવવા કોણ જશે એવું અકબર બાદશાહે જાહેર કર્યુ. ત્યારે આ બીડું મુજફ્ફરશાહે ઝડપી લીધું અને તે જૂનાગઢ આવ્યો. આ સમયે તાતારખાએ જામનગરની મદદ માંગી હતી અને જેસો વજીર આવ્યો હતો. એ સમયે મુજફ્ફશાહ હારીને અકબર પાસે પાછો આવ્યો હતો. ત્યારે અકબર ક્રોધે ભરાયો અને કહયું કે " તે મારું ધન અને આબરૂને બટો બેસાડયો અને મારી સામે જીવતો ઉભો છે." તેથી મુજફ્ફરશાહ અકબર પાસેથી ભાગ્યો અને અનેક રજવાડાઓના આશ્રય લેતો રહયો હતો.

અંતે મુજફ્ફરશાહ ભાગતો ભાગતો પોતાના ભાગ્યના સથવારે લોમાખુમાણના આશ્રયે આવ્યો પછી જામસતાજીના આશ્રયે આવ્યો. જેણે બરડાના ડુંગરમાં છુપાવી દીધો. જયારે બીજી તરફ અકબરને માટે કોઈપણ ભોગે આ રાજકેદીને પકડવોએ મહ□વની વાત હતી. તેથી ગુજરાતનું મોગલ લશ્કર મુજફ્ફરશાહને પકડવા રવાના કર્યુ અને વિરમગામ પાસે છાવણી નાંખી. ત્યાંથી નગરંગખાનને કાગળ લઈ મોકલ્યો કે મુજફ્ફરશાહ અમારો કેદી છે તેને સોંપી દયો. પણ જામ સતાજીએ ક્ષત્રિય ધર્મ ગણી પોતે આશ્રિતને ન સોપાય તેમ ગણી ના પાડી આ બાબતમાંથી દિલ્હીના મોગલ સમ્રાટના સુબાની સાથે યુદ્ધ કરવું પડયું.

મુજફ્ફરશાહને સોંપવાની વાટાઘાટો પડી ભાંગતા વિરમગામથી મોગલ લશ્કર જામનગર ઉપર ચડાઈ કરવા આવી રહયું હતું. ત્યારે જામસતાજીએ પણ સામા ચાલીને

ધ્રોળની સરહદ સુધી લશ્કર સાથે આવી ગયા. કારણ કે તેઓને પણ બીક હતી કે નહિંતર મોગલ લશ્કર જામનગર ઉપર ચડાઈ કરી લુંટફાટ કરી શસ્ત્ર અને અનાજનો પુરવઠો લઈ જશે. તેથી ધ્રોળ સુધી સામે આવી ગયા હતા.

: ભૂચર મોરીનું સ્થળ :

નસીબ જોગે ભૂચરમોરીની લડાઈમાં સ્થળનું નામ, સાથીદારોના દગા, યુદ્ધનો સમય, યુદ્ધમાં સૈનિકોની સંખ્યા બધી જ બાબતો માટે મતમતાંતર રહયા છે. દરેક લેખકોએ અલગઅલગ લખીને ગૂંચવ્યું છે. પરંતુ તે તેની સાથેના ચોકકસ કારણો આપી શકતા નથી.

ભૂચરમોરી સ્થળ માટે જુદાજુદા ઈતિહાસકારો જુદાજુદા શબ્દો લખે છે. જેમ કે ગૌચરમોરી ધુંચર મોરી, બહુચર મોરી, ભૂચર મોરી જો કે અહીં આસપાસ કોઈ બહુચર માતાનું સ્થાન નથી પરંતુ ભૂચર નામનો મોરી શાખાનો રજપૂત માલધારી ગાયોની ઝોક કરી ત્યાં બેસતો તેથી તેના નામ ઉપરથી તે ધારનું નામ જ ભૂચર મોરી પડયું તે વાત સાચી જણાય છે.

શ્રી શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ લખે છે કે ભૂચરએ બહુચરનું મૂળરૂપ છે. તે ભૂમિ ઉપર વિચરનાર માતાજીનું નામ છે. અગાઉ ત્યાં બહુચર મોરી (મા) નું મંદિર હોવું જોઈએ અને મુસ્લિમ જમાનામાં તુટી ગયું હશે. [૧૦] જો કે મને આ મત બરાબર જણાતો નથી કારણ કે મુસ્લિમોએ કોઈ બહુ પ્રખ્યાત ન હોય તેવા કોઈ મંદિરો સૌરાષ્ટ્રમાં તોડયા નથી જયાં જયાં મંદિરો તેણે તોડયા છે. તેનો ઈતિહાસ તેઓ પોતાના લખાવેલા ગ્રંથોમાં લખાવવાનું કયારેઈ ભૂલ્યા નથી. જો કદાચ ત્યાં બહુચરમાનું મંદિર હોય તો તેણે જો તોડયું હોત તો ઈલિયટ ડાઉસનના ભાગ–૧ થી ૮ માં કયાંક તેની નોંધ ચોકકસ હોત સૌરાષ્ટ્રના મંદિરો તોડયાની નોંધ કયાંઈ દેખાઈ નથી. જો મંદિર ત્યાં હોત તો લોકકથામાં કે દંત કથામાં પણ તેની વાત સચવાઈ હોત. કારણ કે કોઈ જગ્યાએ કાંઈ સ્થાનક હોય અને પછી તે તુટયા પછી ત્યાં સાવ જમીન બની જતી નથી કાંઈક અવશેષો તો જળવાઈ જ રહે છે. છેલ્લી બાકી તેની વાતો તો લોકો જાળવી જ રાખે છે.

તેથી ખરેખર એ ભૂચર મોરી શબ્દ બહુચરમા ઉપરથી નહીં પણ ભૂચર નામના

મોરી અટકના રજપૂત ઉપરથી બન્યો હોય એ મત સત્યથી વધુ નજીક હોય એમ મને લાગે છે.

ડો.આર.જી.પરીખ પણ લખતા કે ભૂચરમોરીનું નામ કેમ પડયું તે સંશોધનનો વિષય છે. કારણ કે ભૂચરએ કોઈ નગર કે ગામ નથી આ બધા મતો પછી આજે એ વાત કાંઈક જરૂર વજુદવાળી બની છે કે ભૂચરમોરી નામ મોરી અટકના રજપૂત ભૂચર ઉપરથી પડયું.

: યુદ્ધનો સમય :

ઈતિહાસ એ કડીબદ્ધ અને સમયાનુક્રમ પ્રમાણે ચાલે તો જ સાચા અર્થમાં તેને ઈતિહાસ ગણી શકાય. તારીખ અને સમય વિનાના કોઈ બનાવની ઈતિહાસમાં કોઈ અગ□યતા રહેતી નથી.

ભૂચર મોરીના યુદ્ધના સમય વિશે પણ જુદા જુદા ગ્રંથોમાં વિરોધાભાસી વિગતો જોવા મળે છે. જેમ કે નિઝામુદીન અહેમદના મત મુજબ આ યુદ્ધ હિજરી સંવત ૧૦૦૧ ના રજબ માસની ૬ઠીના રોજ થયું હતું. જયારે તબકાતે અકબરી આ યુદ્ધનો સમય ૬ શવ્વાલ ૯૯૭ હિજરી જણાવે છે. અકબરનામામાં આપેલો હિજરી સન ૬ શવ્વાલ ૯૯૯ આપ્યા છે. તે બધાનો હિસાબ કરીને અહી યુદ્ધની તારીખનું તારણ કાઢયું છે કે હિજરી સવંત ઈ.સ. ૬૨૨ થી શરૂ થયો છે. એ હિજરી સંવત ચંદ્રવર્ષ કહેવાય છે. જયારે વિક્રમ સવંત સૂર્ય વર્ષ કહેવાય છે. હિંદુવર્ષના ૩૬૪ા કે ૩૬૫ દિવસો હોય છે જયારે હિજરી સવંતના ૩૫૪ દિવસ હોય છે. આ તફાવતનો હિસાબ જરાક ખોટો પડે તો આખા વર્ષ અને તારીખો બદલી જાય છે અહી ઉપર જુદા જુદા મુસ્લિમ ગ્રંથોએ જે હિજરી સવંતો આપી છે તેની મેં ગણતરી કરતાં હિજરી સવંત ૯૯૭ ઈ.સ. ૧૫૮૮ ૧૦ નવેમ્બર આવે છે. જયારે હિજરી સવંત ૯૯૯ ઈ.સ. ૧૫૯૦ ૨૦ ઓકટોબર આવે છે અને હિજરી સવંત ૧૦૦૧ ઈ.સ. ૧૫૯૨ ૨૮ સપ્ટેમ્બર આવે છે. એટલેકે ભૂચરમોરીના યુદ્ધના વર્ષની સાલ કોઈ મુસ્લિમ લેખકોએ એકરૂપ બનીને પ્રમાણભૂત આપી નથી. આવાં ગોટાળાં અન્ય મુસ્લિમ ગ્રંથોમાં પણ સમય માટે જોવાં મળ્યાં છે. નિજામુદીન અહેમદ હિજરી સંવતનો ૧૦૦૧નો રજબ માસ એ મુસ્લિમોનો સાતમો માસ છે. જયારે

તબકાતે અકબરી હિજરી સંવતનો શવ્વાલ કહે છે. તે મુસ્લિમોનો દસમો મહિનો છે. તે ઉપરથી બહાઉદીન કોલેજ જૂનાગઢના પ્રો.એસ.એચ. હોડીવાલાએ એમના ગ્રંથ સ્ટડીઝ ઈન ઈન્ડો મુસ્લિમ હિસ્ટ્રીમાં આ તારીખ નકકી કરીને લખી છે.

જયારે નવાનગર રાજયના દફતર મુજબ આ લડાઈ વિ.સં. ૧૬૪૮ હાલારી શ્રાવણવદ ૭ ના રોજ થઈ હતી. [૧૧] જયારે તારીખે–સોરઠ–વ–હાલાર મુજબ તે યુદ્ધ વિક્રમ સંવત ૧૬૪૮ આસોસુદ ૮ના રોજ થયું હતું.[૧૨] આ સમય વિશે ગુજરાતના જાણીતા ઈતિહાસકાર શ્રી શંભુપ્રસાદ દેશાઈ લખે છે કે યુદ્ધ શ્રાવણ કરતાં આસો મહિનામાં થયાનું વિશેષ સંભવ છે. [૧૩] મિરાંતે સિંકદરીનો લેખક યુદ્ધમાં હાજર હોવા છતાં તેના સમય વિશે કાંઈ લખતો નથી. પરંતુ આ યુદ્ધનો સમય આસો મહિનો નહી પણ શ્રાવણ માસ જ હશે. કારણ કે આસો મહિનામાં કંઈ બહુ વરસાદ ન હોય જયારે યુદ્ધના વર્ણનમાં વરસાદ, ગારો, કિચડ વગેરેની વાત આવે છે. શાહી સેનાની છાવણીમાં પાણી ભરાઈ ગયાનું લખ્યું છે. યુદ્ધ સમયે પાંચ દિવસની હેલી પણ થઈ હતી. [૧૪] તેથી યુદ્ધ પાંચ દિવસ મોડું શરૂ થયું હતું. તે પણ આ સમયને ટેકો આપે છે. તેથી આસો કરતા શ્રાવણમાસ જ મારી દષ્ટિએ વધારે સાચો સમય છે.

જો ભૂચરમોરીના મેદાનમાં આવેલા ગોપાલ બારહઠના પાળિયાની સાલ સાચી ગણીએ તો તે પાળિયા લેખમાં લડાઈ વિ.સં.૧૬૪૭ રવિવાર શ્રાવણ સુદ–૮ [૧૫]

૧	સવંત ૧૬૪૭	૮	અરશ્રી અઝ
૨	વરષે સરા	૯	સથ મરાણ
૩	વણ વદ–૮	૧૦	ષાનશ્રી આજ
૪	રવ બારઠ	૧૧	મષન ની હો
૫	શ્રી ગોપા	૧૨	ઢ મરાણા ગ
૬	ના પાલી ગો	૧૩	ખધર ? મેપા
૭	હેડીએ કું	૧૪	પાલીએ ટાંક

એટલે કે ૧૫૯૧ માં થઈ હતી. આમ આ લડાઈની તારીખમાં ૧૫ દિવસનો તફાવત રહે છે. જો કે અહીં એ પ્રશ્ન પણ થાય કે ગોપાલ બારહઠ ના પાળિયા ઉપરની તિથિ જે

પ્રમાણભૂત ગણવી કે ઈતિહાસ ગ્રંથોની તારીખ સાચી માનવી. તો ત્યાં એમ બન્યું હોય કે ગ્રંથોમાં યુદ્ધની છાવણી પડયાની કે શરૂ થયાની તારીખ ૧૮ જુલાઈ (રવીવાર) ૧૫૯૧ હશે જયારે ગોપાલ બારહઠ ૧ ઓગષ્ટ ૧૫૯૧ ના રોજ વીરગતિને પામ્યા હશે તે ચોકકસ હકીકત છે. તેથી ગોપાલ બારહઠના પાળિયા લેખ ઉપરથી શ્રાવણમાસમાં યુદ્ધ થયાનું પ્રમાણભૂત ગણવું જોઈએ.

આ રીતે આ ગોપાલ બારહઠજીનાં પાળિયા ઉપરથી આ લડાઈ ઈ.સ. ૧૫૯૧માં થઈ હોય એમ હું મંતવ્ય ધરાવું છું.

: યુદ્ધમાં ભાગીદારો :

આ યુદ્ધમાં બે પક્ષોમાં એક પક્ષે ૩૦,૦૦૦ નું લશ્કર તો બીજા પક્ષે ૧૦,૦૦૦ નું લશ્કર હતું. જામસતાજી અને મુજફ્ફરશાહ ત્રીજાની સાથે ખેરડીનો લોમોખુમાણ, રાયજાદા રાખેંગાર, દોલતખાન લોદી, જેસો વજીર, મહેરામણજી ડુંગરાણી, નાગડો વજીર, ડાયો લાડક, ભાણજી દલ અને ૧૫૦૦ જેટલા સાધુબાવાની જાત્રાએ જતી ફોજ પણ જામસાહેબના પક્ષે જોડાઈ ગઈ હતી.

આ યુદ્ધના દરેક ભાગીદારને આમ તો કાંઈકને કાંઈક મેળવવું જ હતું મુજફ્ફરશાહને પોતાનું ગુમાવેલું રાજય પાછું મેળવવું હતું આથી મુજફ્ફરે જૂનાગઢના અમીનખાન અને જામસતાજીને મિત્રતા બાંધવા ૧ લાખ મહેમૂદી સિકકા અને રત્ન જડિત કમરબંધ અને કટારભેટ આપી હતી. [૧૬] જયારે ચુડાસમા રાજવંશના રાયજાદા ખેંગારને પોતાનું ગુમાવેલું રાજય મુજફ્ફરે પાછું આપવાની લાલચ આપી હતી તેથી તે જોડાયો હતો. જયારે લોમાખુમાણને પણ ગુજરાતના સુલતાનની વગ મેળવવી હતી. જયારે સામા પક્ષે અકબરના ગુજરાતના સુબા મિરઝા અઝીઝ કોકા સાથે સૈયદ કાસમ, નવરંગખાન, ગુજરખાન, મહમદ રફી, મિરઝા મરહુમ આઝિમ હુમાયુ સહિત ૧૦,૦૦૦ નું લશ્કર અને સૌરાષ્ટ્ર ગુજરાતના ખંડિયા રાજાઓ પણ હતાં તેમાં હળવદના રાજ ચંદ્રસિંહ અકબરના પક્ષે રહી લડયા હતાં. કારણ કે લશ્કર વિરમગામથી હળવદ નીકળ્યું હશે અને ત્યાંથી ચંદ્રસિંહને જામ સાથે સમાધાન માટે પણ મોકલ્યા હતાં. પરંતુ સમાધાન ન થતાં પછી ચંદ્રસિંહનો રોલ સુડી વચ્ચે સોપારી

જેવો થયો હતો. છતાં જયારે જયારે યુદ્ધમાં કાંઈ વિષ્ટી કે ચર્ચા થતી ત્યારે તે વાત ચંદ્રસિંહ જ ચલાવતા હતા.

વિભાવિલાસ નોંધે છે કે આ યુદ્ધમાં સોઢા, ઝાલા, ગોહિલ, રાઠોડ, ભાટી, ખીચી, ચૌહાણ, ગોડ, પરમાર, કછવાહા, વાઘેલા, સિસોદિયા, વાઢેર, દેવડા, વાળા, ચાવડા, ડાભી, જેઠવા, સોલંકી, પઢિયાર, સિંઘલ, ધાધલ, ડોડિયા, નિંબડ, હાડા, જાદવ, મોરી, બુંદેલા, ચંદેલા, બારૈયા, સાંખલા, વાજા વગેરે વગેરે અટકના રાજપૂતોએ ભાગ લીધો હતો.

: યુદ્ધમાં સૈનિકોની સંખ્યા :

કોઈ પણ યુદ્ધમાં લશ્કરી સંખ્યા ઉપરથી સામાન્ય રીતે આપણે તેની ભયંકરતા, સંચાલન શકિત અને એકબીજાનું લડી લેવાનું ખુન્નસ જાણવા મળે છે. જેમ કે મહાભારતમાં અઢાર અક્ષોહિણી સેનાનું લખ્યું છે તે એટલી બધી અતિશયોકિત કરેલી છે કે એ સેના કુરૂક્ષેત્રના મેદાનમાં લડી તો શું શકે પણ ઉભી પણ રહી ન શકે અને એટલા બધા કાંઈ ૧૮ દિવસમાં મરી ન શકે એ રીતે યુદ્ધમાં સૈનિકોની સંખ્યા ખાસ નકકી જાણવી જોઈએ.

આ યુદ્ધ કઈ રીતે લડાયું હશે અને કેટલા સમય સુધી ચાલ્યું હશે ખરેખર કેટલા એ જાન ગુમાવ્યા હશે તે બધી બાબતો જાણવા માટે યુદ્ધમાં સૈનિકોનો આંકડો નકકી કરવાની ખાસ અગત્યતા હોય છે. તે આંકડો સાચો મળી જાય તો યુદ્ધની ઘણી બાબતો તે ઉપરથી જાણી શકાય છે.

વિભાવિલાસે સૈનિકોની સંખ્યામાં ભારે અતિશયોકિત બતાવી છે. તે એક લાખ સૈનિકોનું લશ્કર લખે છે. તબકાતે અકબરી જામની સેનાનો આંકડો અંદાજે ૨૦,૦૦૦ નો જણાવે છે. [૧૭] હકીકતે જામસતાજી અને મુજફ્ફશાહનું સૈન્ય ૩૦,૦૦૦ નું હતું. એટલે જ રત્ન મણિરાવ ભીમરાવ જોટે લખે છે કે જામને આવી મોટી ફોજનું અભિમાન હતું તેથી જ તેમણે સમાધાનની વાત સ્વીકારી ન હતી.

મુહણૌત નૈણસીની ખ્યાત પણ સેના વિશે આંકડા આપે છે. આજમખાનની સેના ૧૩,૦૦૦ કાઠીઓની ૪,૦૦૦ ઝાલાઓ ૪,૦૦૦ જેઠવાઓ ૪,૦૦૦ વાઢેરોની ૫,૦૦૦ રાવપચાણની ૫,૦૦૦ અને ૧૦,૦૦૦ સવારોથી સેના નવાનગરથી નીકળી અને ૧૨

કોશ દૂર ધવલહર (ધ્રોળ) આવી આ સેના કોની કેટલી તે બધુ નૈણસી સ્પષ્ટ લખતા નથી. [૧૮] આમા મુહણૌત નૈણસીની આ ગણતરી પ્રમાણે અજીજ કોકાની સેના ૧૩,૦૦૦ ની ગણીએ જયારે જામસતાજીના પક્ષે ૩૨,૦૦૦ ની સેના થાય છે. પરંતુ તેમાં જૂનાગઢના દોલતખાનના સૈન્યનો કોઈ ઉલ્લેખ આવતો નથી.

ટૂંકમાં આ બધા ગ્રથોના આંકડાઓ જોયા પછી એટલી વાત ચોકક્સ હશે કે જામ અને અકબરની બંનેની સેના થઈને ૪૦,૦૦૦થી ઓછા સૈનિકો તો નહીં જ હોય. જે આંકડો એ યુગમાં નાનો સુનો ન કહેવાય હલદીઘાટીની લડાઈ માત્ર ૩ા કલાક જ ચાલી હતી. જો આ યુદ્ધમાં દગો ન થયો હોત અને ભંગાણ ન પડયું હોત તો ભયંકર ખુવારી થઈ હોત. જે સાધન વિહોણા યુગમાં ૪૦,૦૦૦ નું સૈન્ય ધ્રોળને પાદર લડતું હોય જેમાં બન્ને પક્ષને માટે જીતવું એ પોતાની આબરૂનો સવાલ હતો. એવા આ યુદ્ધમાં સૈનિકોની સંખ્યા વિશાળ હોય તે પણ સ્વાભાવિક છે. તેથી લશ્કરના આંકડા વિશે જરાય શંકા કરવા જેવું નથી.

: યુદ્ધ અને અજાજીના રાણીનું સતી થવું :

જયારે સુલતાન મુજફ્ફરશાહને જૂનાગઢના દોલતખાન, જામ સતાજી અને ખેંગારનો ટેકો મળતા તેણે શરૂઆતમાં અમદાવાદ ઉપર જ કાઠીઓની સહાયથી હુમલો કર્યો હતો. ત્યારે અકબરે ખાનખાનાનને તેનો સામનો બહુ સારી રીતે ન કરી શકયો માટે બદલીને સુબા તરીકે અઝીઝ કોકાને મોકલ્યો. તે લશ્કર લઈને વિરમગામ આવ્યો અને ત્યાં છાવણી નાંખી અને નવરંગખાન અને સૈયદકાસીમને આગળથી મોરબી મોકલ્યા આ સિવાય પણ હળવદના રાજ ચંદ્રસિંહ દ્વારા અને પત્રો દ્વારા જામસતાજીને મુજફ્ફરશાહને પોતાના રાજયમાંથી કાઢી મુકવા કહયું હતું પરંતુ જામને પણ પોતાના સૈન્યનું અને રાજપૂત આશરાધર્મનું ગૌરવ હતું.

આ સમયે કચ્છના રાજા રાવભારાએ અને જામસતાજીએ આમરણ પાસે છાવણી નાંખી હતી. કે અકબરનો સુબો કદાચ ચડી આવશે ત્યાં સૈન્ય આવ્યું. ત્યારે જામસતાજીએ તેને પાછળ પડી ખૂબ હેરાન કર્યુ હતું. અરે ! શાહી સૈન્યની છાવણીમાંથી કોઈકવાર ઘોડા

અને હાથી પણ ઉપાડી આવતા હતા અને લશ્કરને જયાંથી પુરવઠો મળતો તે માર્ગ પણ રોકી લીધો હતો. ત્યારે એક શેર અનાજની કિંમત ૧ રૂપિયો થઈ ગઈ હતી. [૧૯] એવી સ્થિતિ અકબરના સૈન્યની થઈ ગઈ હતી.

આ સ્થળે એ ભૂલ થઈ ગઈ હતી કે આઝમ કોકાના સૈન્યે ખોટી જગ્યાએ છાવણી નાંખવાથી ત્યાં વરસાદના કાદવ કિચડ થઈ ગયા હતાં અને વ્યુહરચના પણ ગોઠવી શકાતી નહોતી. આ સમયે સૈયદ કાસીમ જે ખૂબ જ હિંમતવાળો વીર યોદ્ધો હતો. તેણે સલાહ આપી કે જામ તો દુર્ગમ સ્થાનમાં છે. તેથી જો નવાનગર(જામનગર) ઉપર હુમલો કરો તો તે ત્યાંથી બહાર નીકળશે અને આપણને પણએ મેદાનમાં યુદ્ધમાં ફાવશે એમ વિચારી શાહી સૈન્ય ત્યાંથી નીકળ્યું ત્યાં ધ્રોળ આગળ બન્ને પક્ષોનો ભેટો થયો. કારણ કે જામનું સૈન્યતો અગાઉ ત્યાં આવી જ ગયું હતું. પછી ત્યાં યુદ્ધ લડાયુ તે રીતે ધ્રોળના ભૂચરમોરીના મેદાનની પસંદગી થઈ લાગે છે.

લશ્કરો સામસામા ગોઠવાયા શરૂઆતમાં તો છુટાછવાયા હુમલાઓ થયા જેમાં જામસતાજીનું સૈન્ય જીતમાં હતું. બીજે દિવસે વળી લશ્કરો સામસામા આવ્યા. બાદશાહના લશ્કરમાં જમણી બાજુ સૈયદકાસીમ બહારા અને નવરંગખાન, ગુજરખાન હતાં. જયારે ડાબી બાજુ ખાજા મોહમદ રફી હતો. ખાન આઝમનો પુત્ર પાછલા ભાગમાં હતો. ખાન પોતે મોખરે રહયો હતો.

જયારે જામસતાજીના સૈન્યમાં આગળ જેસો વજીર રહયો હતો. જમણી બાજુ કુંવર જસાજી, મહેરામણ ડુંગરાણી જે આ યુદ્ધમાં તેમના ૧૪ દીકરા સાથે આવ્યા હતાં અને ડાબી બાજુ નાગડો વજીર, ભાણજી દલ અને ડાહયો લાડક એ ત્રણ મુખ્ય હતાં.

આ બીજા દિવસે ભયંકર ઝપાઝપી અને લડાઈ થઈ જયારે રાજપૂતોએ તલવારોથી તૂમુલ યુદ્ધ કર્યુ જયારે દોલતખાને તોપોનો મારો ચલાવ્યો અને સૈયદ કાસીમના લશ્કર ઉપર તુટી પડયો. જેમાં શાહી લશ્કરની ડાબી પાંખ હાર ગઈ હતી.

બંને પક્ષે ઘણા સૈનિકોની ખુવારી થઈ પછી જે બન્યું તેમાં દગો થયો પછી જામ સતાજીની હાર થઈ.

હવે પછીની યુદ્ધની વાત જામસાહેબના આશ્રિત કવિઓના ગ્રંથો વિભાવિલાસ

અને યદુવંશપ્રકાશમાંથી જ લેવામાં આવી છે. જે રીતનું વર્ણન અન્ય મુસ્લિમ ગ્રંથોમાં નોંધાયું નથી.

શરૂઆતમાં જામસતાજીની જીત પછી થોડા સમય પછી હળવદના ચંદ્રસિંહને સુબાએ કહયું કે "હવે સમાધાન કરાવો અમે ત્રણ લાખ દંડ આપીશું એમા ર લાખ જામ સતાજીને અને ૧ લાખ તમને છાનામાના આપીશું" આ સમાચાર જયારે જામની છાવણીમાં પહોચ્યા તે રાત્રે યુદ્ધની છાવણીમાં સભા ભરવામાં આવી. ત્યાં દોલતખાન (આ ગ્રંથો દરેક જગ્યાએ તાતારખાન જ નામ લખે છે જે જગ્યાએ દોલતખાન સાચું નામ છે.) લોમોખુમાણ અને અન્ય સરદારો બેઠા છે. જે સભામાં ગોપાલ બારહઠજી પણ છે. જેણે જામસતાજીને બિરદાવ્યા કે વાહ સતાજી સભાએ પણ કીધુ કે આ રીતે સમાધાન થશે તો આપની અપકીર્તિ થશે.

આ સભા પછી એજ રાત્રીમાં લોમોખુમાણ, દોલતખાન એકાંતે મળ્યા અને ત્યારે દોલતખાને કહયું કે જો જામ જીતશે તો પછી તે આપણા માટે મુશ્કેલીરૂપ બની જશે અને જૂનાગઢ અને ખેરડી આપણી પાસે નહીં રહે.

આથી સમાધાન તોડવા માટે સુબાને પત્ર લખ્યો કે તમને ધિકકાર છે. જે અકબર પાસેથી આ ગુજરાત જીતવાનું બીડું અને મુજફ્ફરશાહને પકડવાનું બીડું લઈને આવ્યા છો ને આવું નમાલું સમાધાન કરો છો જો તમારામાં મરદાઈ હોય તો એકવાર યુદ્ધ કરો. [૨૦] આ રીતના વેણ લખી મોકલી ચડાવી સુબાને સમાધાનથી ડગાવ્યો અને પોતાની યુકિત બતાવી કે અમે યુદ્ધ વખતે તમારી સાથે ભળી જશું આ પત્રએ ભૂચરમોરીના અડધે આવેલા યુદ્ધનું સમાધાન ન થવા દીધું.

આ પત્રની સુબા ઉપર ધારી એવી અસર થઈ અને તેણે વળતા પત્રમાં કહેવરાવ્યું કે તમે વચનભંગ થતાં નહી અમે સવારે યુદ્ધ માટે તૈયાર છીએ. તેથી સુબાએ સમાધાનની વાત તોડવા નાટક કરવું પડયું અને ખોટો હલકારો ઉભો કર્યો કે આ દિલ્હીથી હલકારો આ કાગળ લાવ્યો છે કે યુદ્ધ કર્યા વિના કોઈ સમાધાન કરતા નહીં.

આ વાતની જાણ બાદશાહી પક્ષના હળવદના ચંદ્રસિંહને થતાં તેણે હજુ યુદ્ધ ન કરવા સુબાને સમજાવ્યો પણ તેને જૂનાગઢ અને ખેરડીના બન્ને સાથીદારો રાત્રે છૂપો કોલ

અને સાથ મળી ગયો હતો તે હવે સમાધાન માટે શેનો માને.

તેથી નિરાશ હ્રદયે ચંદ્રસિંહે પાછું જામની છાવણીમાં જણાવ્યું કે સુબો સમાધાનમાંથી ફસકી ગયો છે. સવારે લડવાની તૈયારી રાખજો.

આખરે સમાધાન ન થયું અને યુદ્ધ શરૂ થયું. આ સમયે લોમાખુમાણે અને દોલતખાને જામસતાજીને ફોસલાવી પોતે યુદ્ધમાં આગલી હરોલીમાં (હરોળ)રહયા, નહીંતર જામસતાજીતો તેમને હરોલીમાં રાખવાને બદલે ચંદોલીમાં રાખવા માંગતા હતાં. જામના ગ્રંથો લખે છે કે આ બન્નેએ જામને છેતર્યા જયારે જેસા વજીરને તો શંકા પડી જ ગઈ હતી, પણ તે કહે ઠીક જે ધાર્યુ હશે તે થશે. હવે જામનો હુકમ ટળાય નહીં એમ ગણી તેણે ભાણજી દલ અને ડાહયા લાડકને બોલાવીને કહયુ કે આ સાથીદારોના પગ ઢીલા જૂઓ તો યુદ્ધમાં ધ્યાન રાખજો.

આ વર્ણન વિભાવિલાસ, યદુવંશપ્રકાશ નોંધે છે ત્યારે આપણને થાય કે જામ સતાજીને દોલતખાન અને લોમાખુમાણ સાથે ભૂતકાળમાં મનદુઃખો થયા હતા તો તેને આગળ રાખવાની આવી ભૂલ કેમ કરી બેઠા હશે.

આ ગ્રંથો પાછા વધુમાં દોલતખાન અને લોમાને દોષી ઠરાવતા લખે છે કે આ બન્નેએ કારસો ઘડયો કે જામસતાજીને કહે આપ હાથી ઉપર બેઠા છો તે આ જબુંરા તોપો અને કોકબાણથી આપને લાગી જવાનો સંભવ છે. તેથી અમે છુટા દિલે યુદ્ધ કરી શકતા નથી. તો આપ ઘોડા ઉપર આવી જાવ. જામસતાજી ભોળવાઈ ગયા અને તે વાત સાચી માની ઘોડા ઉપર આવી ગયા. આ સમયે પણ આપણને લાગે કે જામસતાજી જેવા શૂરવીર યુદ્ધનો નિયમ ભૂલીને પોતે હાથી ઉપરથી ઉતરીને ઘોડા ઉપર બિરાજયા હશે ?

આ સમયે લોમાનું સૈન્ય ભાગી ગયું આ બાબત ઘણી જગ્યાએ લખી છે કે કાઠીઓતો પહેલેથી જ ભાગી ગયા હતા. આ ઘટનાની કુટનીતિજ્ઞ જેસાવજીરને ખબર પડતા તેણે જામસતાજીને પાછા હાથી ઉપર બેસાડયા નહીંતર તો તરત જ આખું લશ્કર નાસીપાસ બનીને વિખેરાઈ જાત.

હવે લશ્કરમાં બે મહ□વના સરદારોનું સૈન્ય ભાગી જવાથી ઘણું જ ભંગાણ પડયું હતું. ત્યારે, જેસો વજીર આગલી હરોલીમાં જઈ ભાણજીદલ અને ડાહયાલાડકને પાનો

ચડાવવા લાગ્યા કે હવે તમે રણના સ્તંભ છો તમારાથી જામનું કામ સુધરશે. તમે દલ અને લાડકવંશને ઉજાળ્યો છે. વાહવાહ કીધુ તે આ બન્ને શૂરવીરો પોતાની તાકાત હતી તેનાથી ડબલ તાકાત આ વચનોથી ઉભી કરી લડવા માંડયા.

અહીં યુદ્ધનું વર્ણન આ ગ્રંથો ખૂબ જ રોદ્ર રૂપથી કરે છે કે અસંખ્ય ઘડના અને ઘોડાઓના ઢગલાઓ થવા લાગ્યા. મારો કાપોના બોકાસા બોલાવા લાગ્યા. તલવારોના ટકરાવો ધ્રોળમાં સંભાળતા હતાં. જેસો વજીર ઘાયલ થયો તો પણ જાણે કે એનો એકેએક ઘા ઘરેણાની જેમ શરીર ઉપર શોભી રહયો હતો. ભાણજીદલ અને ડાહયો લાડક પણ ઘવાયા ત્યારે તે દિવસે બન્ને પક્ષના મળીને ૧૬,૦૦૦ યૌદ્ધાઓ વીરગતિને પામ્યા અહીં પણ આ ગ્રંથો યૌદ્ધાના વીરગતિનો ખૂબ જ અતિશયોકિત ભર્યો આંકડા આપે છે.

સાંજે યુદ્ધના મેદાનમાં બાદશાહી ફોજના સૈયદ કાસીમે આવી કહયું કે બાદશાહી ફોજમાંથી જે શસ્ત્ર ચલાવે તેને બાદશાહી દુહાઈ છે. એમ કહી ત્યારે તે દિવસનો યુદ્ધ વિરામ જાહેર કર્યો.

આ સમયે રાત્રે યુદ્ધની છાવણીમાં રાત્રે સભા બોલાવાઈ તેમાં પરિણામ જાણી ગયેલા સફળ વજીર જેસાવજીરે કહયું કે જામસાહેબ આપ નગર પધારો અને રાજકુટુંબની સલામતીની વ્યવસ્થા કરો. એવો અમારો યૌદ્ધાઓનો મત છે. જામસતાજીએ શરૂઆતમાં આનાકાની કરી કહયુ કે દુનિયા શું કહેશે કે જામ યુદ્ધનું મેદાન છોડી જતો રહયો. પરંતુ બધા કહે નહીં આપ જાવ આપ ઘણા યુદ્ધ જીત્યા છો એવું કોઈ નહીં માને. અંતે જામે યુદ્ધનું મેદાન છોડવાનો મનેકમને નિર્ણય કર્યો. પરંતુ જયાં પોતે જામનગર પહોચ્યા ત્યાં કુંવર અજાજીને થયું કે પિતાશ્રી યુદ્ધમાંથી પાછા આવ્યા તે સારું નહીં એમ ધારી પોતે લશ્કરને ધણી વિનાનું ન રહેવા દેવા માટે પિતાશ્રીની રજા લઈ યુદ્ધના મેદાનમાં આવી પહોચ્યા.

અજાજીની સાથે જેસાવજીરનો શૂરવીરપુત્ર નાગડો વજીર પણ આવ્યો. તેની સાથે બીજા ૫૦૦ વીરો પણ આવ્યા. વિભાવિલાસ અજાજીને મીઢોળબંધા કહેતું નથી કે ઉપરના ૫૦૦ ને જાનૈયા કહેતું નથી. પરંતુ જાણે કે વિવાહની વરમાળા પહેરીને વરરાજા ચાલતા હોય તેમ અજાજી યુદ્ધમાં ગયા તેમ લખે છે. આ બાબતના વર્ણનથી કદાચ અજાજીને મીઢોળબંધા અને જાનૈયાઓ સાથે આવ્યાનું લખાયું હશે. ત્યારે અજાજી પરણેલા જ હશે.

લોક કવિઓ અને ચારણોએ અજાજીને વરરાજાના રૂપે યુદ્ધમાં ચિતર્યા તેથી આ આવા વર્ણનો થયા લાગે છે. બાકી શ્રાવણમાસમાં લગ્ન ન હોય આવી આ પહેલાં લખનારા લેખકો અને વાંચવા વાળાઓને પણ શંકા પડતી હતી. કદાચ ખૂબ લાંબી વર્ષીના લગ્ન લખ્યા હોય તો હોય કે પછી યુદ્ધ આસોમાસમાં થયું સાચું ગણો તો અજાજી મિંઢોળબંધા હોય શકે. બાકી તો ઉપર જણાવ્યા પ્રમાણે જ કવિઓના વર્ણનથી જ વાત બદલી ગઈ જણાય છે.

જયારે જાડેજાવંશને વસુંધરામાં લખાયું છે કે જામસતાજીના આ પાટવીકુંવરના આ સમયે આ પાંચમા લગ્ન હતા અને તેઓ ફેરા ફરતા હતાં. જામ સતાજીને કોઈ જયોતિષે એવું કહેલું કે આપના આ પાટવી કુંવર અજાજીનું યુદ્ધના મેદાનમાં શૂરવીરને છાજે તેવું મોત થશે. આ જ ગ્રથમાં લેખક લખે છે. જે યુદ્ધના સમયે જ અજાજી ના લગ્ન આ ભવિષ્યવાણીને ટાળવા માટે ગોઠવ્યા હતાં. [૨૧] જેથી કરીને અજાજી ભૂચર મોરીના યુદ્ધમાં જવાનો વિચાર ન કરે અને ભગવાન બુદ્ધ જેમ આ સંસારની મોહમાયામાં લપેટાયેલારહે. પરંતુ ભગવાન બુદ્ધની જેમ જ આ કારસો કામ આવ્યો નહીં અને અજાજી પાંચમાં લગ્નની વરમાળા ફગાવીને યુદ્ધના મેદાનમાં આવ્યા અને વીરગતિને પામ્યા.

અજોજી તો યુદ્ધના મેદાનમાં રાત્રીના આવી ગયા હતાં. ત્યાં જેસો વજીર કહે છે કે અમને એમ હતું કે અમે વરરાજા થશું પણ આપે વરરાજા બની અમને જાનૈયા રાખ્યા આવી વાતોમાં જ રાત નીકળી ગઈ ત્યારે રાજપૂતો હથિયારો સજવા માંડયા નગારાઓ વાગવા માંડયા.

આ સમયે ભદ્રેસરના મહેરામણજી ડુંગરાણી (જેમના એક કુંવરનું નામ ડુંગરજી હતુ કે જે ઉપરથી ડુંગરાણી રાજપૂતો કહેવાયા હતાં) પણ ભૂચર મોરીના યુદ્ધને માણવા આવી પહોંચ્યા લડાઈ શરૂ થઈ ત્યારનું વર્ણન જામના રાજકવિઓએ સરસ કર્યુ છે. જાણે કે ગોકુળિયામાં ગોવાળિયાઓનાં દહીંદૂધના માટલા ફૂટયા હોય એમ યૌદ્ધાઓના માથા ફુટવા લાગ્યા, સુતારો લાકડાંના બેભાગ કરે એમ સૈનિકોના દેહના બબ્બે ભાગ થવા લાગ્યા. માથા પડી ગયેલા યૌદ્ધાના દેહ યુદ્ધના મેદાનમાં ચાકડાની જેમ ફરવા માંડયા અને જાણે કે રંગરેજના માટલાઓ અહીં ફુટી ગયા હોય એમ ધરતી રંગીન બની ગઈ હતી. મારો કાપોના ઉચ્ચારો થતાં હતાં. જોગણીઓ લોહી ભરવા વીરોના ખંભા ઉપર ખપ્પરો મૂકવા લાગી.

અપ્સરાઓ, છેડાછેડી બાંધવા લાગી અસંખ્ય યૌદ્ધાઓને હુરાઓ વરીને ભીસ્તમાં જવા લાગ્યા મુસ્લિમ સેનામાં યા ઈલાહી યા ઈલાહીના પોકારો થવા માંડયા. આ સમયે જેસા વજીર, મહેરામણજી, ભાણજીદલ, ડાયોલાડક, કાકોભી, ગોડજી, મેરૂજી જેઠવા વગેરે કામ આવી ગયા ત્યારે હવે કુંવર અજાજી પણ હાથી ઉપરથી ઉતરી જવાનું પસંદ કરી ઘોડા ઉપર બેઠાં.

હવે અજાજીના મનમાં કેવું શૂરાતન ચડયું હશે તે આપણે આ વર્ણનો વાંચીને પણ કલ્પના કરી શકીએ છીએ કે વીર રાજપૂત બચ્ચો ભારે પાંચ જણાનો પકડયો પણ પકડાઈ નહી એ ભૂચર મોરીમાં પૂર્ણ જોશથી લડયા. પોતાના ઘોડાની લગામ ખેંચી ઘોડાને કુદાવ્યો અને આઝમ કોકાના હાથીના દાંત ઉપર પગ મુકીને બરછીનો ઘા કર્યો. અમુક ગ્રંથોમાં બરછીની જગ્યાએ ભાલાનો ઉલ્લેખ છે.

" અજમલિયો અલંઘે લાયો લાખા સર ઘણી
દંતુશુળ પગ દઈ અંબાડીએ અણીય હણે.
સંવત સોળ અડતાલીસે શ્રાવણમાસ ઉદાર
જામ અજો સુરપુર ગયા વદ સાતમને બુધવાર
ડાયો જેસો નાગડો મહેરામણ દલભાણ
જામઅજો સ્વર્ગ સિધાવ્યા પાંચે જોધ પ્રમાણ "

પણ તે ઘા નિષ્ફળ નિવડયો ત્યાં પાછળથી એક મોગલ સૈનિકે આવી અજાજી ઉપર તલવારનો ઘા કરતાં અજાજી વીરગતિને પામ્યા. અહીં વિભાવિલાસ નોંધે છે કે બરછી આઝમ કોકાને વાગી હતી અને આઝમ કોકાને ત્યાં દફનાવ્યો હકીકતે આઝમ કોકો તો તે પછી ઘણા વર્ષે મૃ□યુ પામ્યો અને તેને સરખેજમાં દફનાવ્યો છે.[૨૨]

આ યુદ્ધમાં ઈસરદાસજીના પુત્ર ગોપાલ બારહઠ પણ રણમેદાનમાં પોઢયા જેનો સંવત ૧૬૪૭ ના શ્રાવણ વદ ૮ નો પાળિયો ઉભો છે. જે પાળિયો પણ યુદ્ધનો સમય નિશ્ચિત કરવામાં ખૂબ જ અગત્યનો પૂરવાર થયો છે. જેની સ્પષ્ટતા બગસરાના દરબારશ્રી મહેરામવાળ ા ભાયાવાળા સાહેબનાં રાજકવિ કેસરદાનજીએ કરી હતી. [૨૩]

અન્ય યૌદ્ધાઓના હિંદુ રીતે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતાં અને તેની ખાંભીઓ ઉભી કરવામાં આવી.

ભૂચરમોરીના મેદાનમાં પોતાના સ્વામી વીરગતિને પામ્યા છે. તેવા સમાચાર રાણીસાહેબાને મળ્યા ત્યારે સચાણાના બારહઠે આવી અજાજીની પાઘડી રાણીસાહેબાને આપી. તે પાઘડીના દર્શન થતાં જ તેમને સત ચડયુંને રાણીસાહેબાએ પોતાના રથને રણક્ષેત્રમાં લઈ જવા આજ્ઞા કરી. આ સમયે પણ મુસ્લિમોએ રણક્ષેત્રમાં રથ જતો અટકાવવા કોશિષ કરી ત્યારે પાછી સૌરાષ્ટ્રની રખાવટ નેકટેકના દર્શન થયા અને જે ધ્રોળના ભાયાતોએ જામસતાજી સાથેના મનદુખને લીધે યુદ્ધમાં ભાગ નહોતો લીધો. તેમ છતાં આ સમયે પોતાનો ક્ષત્રિય ધર્મ યાદ કરી મુસલમાનોથી રાણીને બચાવવા અને મુસ્લિમોને પોતાના રીતરિવાજ બાબતે સમજાવ્યા ત્યારે રાણી સાહેબાનો રથ યુદ્ધના મેદાનમાં આવ્યો ત્યારે પણ ધ્રોળના રાજપૂતોએ સતી થવા માટેની તેમને બધી જ તૈયારી કરી દીધી તે રાણી સોઢાના પુત્રી સુરજકુંવરબા હતાં.

આ સૌરાષ્ટ્રની ખાનદાની હતી આ રાજપૂતોની રખાવટ હતી કે ભલે દુશ્મનાવટ હોય પણ અમુક સમયે ગમે તેવી દુશ્મનાવટ કે મનદુઃખ હોય તો પણ ત્યારે તો રાજપૂતો ભેગા જ રહયા છે. આ સ્થળે રાણી અજોજીના માથાને ખોળામાં મૂકી સતી થયા.

અજાજીના રાણી સતી થયા તેનું પ્રાચીન કાવ્ય વિભાવિભાસ અને યદુવંશપ્રકાશમા ખૂબજ સુંદર રીતે અને યોગ્ય આભૂષણો પહેરાવેલું મળે છે.

: સુરજ કુંવરબાનો દુહો :

" કરણાવદન સુરજકુંવર મોહ તજે ઘર સોહ મન
સોઈ દેએ સતિ અજમાલ સંગ આગમે ઉજીહલીઅગન "

જામનગરમાં એક સોઢીવાડી છે જે કુંવર અજાજીના રાણી હતાં. તેમનાં નામથી હશે.જે વાડીની બહાર જામ સતાજીના દિવાન જસા લાડકની સમાધિ કે કબર છે એમ

કાઠિયાવાડ સર્વસંગ્રહ નોંધે છે.

: યુદ્ધમાં મોતની ખુવારી :

આ યુદ્ધમાં કેટલા સૈનિકોની મોતની ખુવારી થઈ એ પણ અસ્પષ્ટ આંકડાઓ મળે છે. મિરાતે અહમદી લખે છે કે મોગલોના ૨૦૦ સૈનિકો મૃત્યુ પામ્યા ને ૫૦૦ ઘાયલ થયા હતાં. જયારે મિરાંતે સિંકદરી માત્ર જામસતાજીના ૧૫૦૦ સૈનિકો મર્યાનું જણાવે છે જયારે અહમદી ૫૦૦ લખે છે. જયારે તબકાતે અકબરી તો વળી આ યુદ્ધમા ૪૦૦૦ રાજપૂતો મર્યાનું લખે છે.

તારીખે સોરઠ–વ હાલાર લખે છે કે શાહી સેનાના ખ્વાજા મહમદ રફી, ખ્વાજા શેખ સૈયદ સરીફુદીન, સૈયદ કબીર, સૈયદ અલીખાન જેવા સરદારો અને અન્ય ૨૦૦ સૈનિકો મૃત્યુ પામ્યા ૫૦૦ ઘાયલ થયા અને ૭૦૦ ઘોડાઓ યુધ્ધમાં મૃત્યુ પામ્યા.

જયારે મુહણૌત નૈણસીની ખ્યાત નોંધે છે કે જામસતાજીના ૧૦૦૦ યૌદ્ધા મર્યા અને આઝમખાં કોકાના ૭૦૦ માણસો મૃત્યુ પામ્યા.

ટૂંકમાં આ બધા ગ્રંથોના આંકડાઓ ઉપરથી એ વાત તો ચોક્કસ કે બન્ને પક્ષે મળ ીને ૧૦૦૦ યોદ્ધાઓનો ભોગ તો આ યુદ્ધે લીધો જ હશે.

કવિઓએ અજાજીના એકે એક શરીરના અવયવો કોને માટે ગયા કે કામ આવ્યા તેનું વર્ણન કર્યુ છે શંકરને માથુ, પિશાચો માંસ, શિયાળ હાડકાં, નિશાચરો રગો, જોગણી લોહી, કાકીણીઓને કાળજા, વીરોને બુક્કા, ગીધને આંતરડાં, વેતાલોને ચામડી અને અપ્સરાઓને જીવ મળ્યો.

: યુદ્ધની ખામીઓ :

ઈતિહાસ નામનું માનવજાતિનું મિત્રરૂપ મહાન શાસ્ત્ર છે. ઈતિહાસ આપણને દરેક બાબતમાંથી કાંઈ બોધપાઠ આપે છે કે ભવિષ્યમાં તેવી ભૂલ ન થાય તે માટે સાવચેત બનાવે છે તે ન્યાયે આ યુદ્ધના જે વર્ણનો મળ્યા છે કે જે સાધનો મળ્યા છે તેના આધારે આ યુદ્ધની ખામીઓ તારવવામાં આવી છે.

(૧) જામ સતાજીના પક્ષે યુદ્ધમાં લશ્કરની પસંદગીમાં ભૂલ થઈ દેખાય છે. જે જૂનાગઢના દોલતખાન અને ખેરડીના લોમા ખુમાણની યુદ્ધમાં મદદ લેવાનું નક્કી કર્યુ ત્યારે આ બન્ને સાથે ભૂતકાળમાં બનેલા બનાવોને યાદ ન કર્યા અને પાછી આ બન્નેની ડાહી વાત સાચી માની લીધી અને યુદ્ધમાં આ બન્નેને આગલી હરોલીમાં પણ રહેવા દીધા હતાં.

(૨) આ યુદ્ધમાં બન્ને પક્ષે તોપો હતી. તેમાં જૂનાગઢના દોલતખાન પાસે તોપો હતી. પરંતુ રાજપૂતોએ તો તલવારોથી જ વધુ લડાઈ કરી તે પણ ખામી રહી ગણાય. જયારે મુસ્લિમો તોપોથી લડવાને માટે વધુ ટેવાયેલા અને કેળવાયેલા હતાં કારણ કે આ અકબરના દાદા બાબરે જ ઈ.સ. ૧૫૨૬ માં પાણિપતના યુદ્ધમાં ભારતમાં પ્રથમ વખત તોપનો ઉપયોગ કર્યો હતો.

(૩) જયારે શાહી સેના પોતાની શરૂઆતની છાવણીની પસંદગીમાં ભૂલ ખાઈ ગઈ હતી. જયાં છાવણી હતી તે જગ્યા નિચાણમાં હોવાથી ત્યાં વરસાદનું પાણી ભરાઈ જતા કાદવ કિચડ થઈ ગયા હતાં. યુદ્ધ માટે ત્યાંથી નીકળવામાં કે કોઈ વ્યુહરચના ગોઠવવામાં મુશ્કેલી પડી હતી.

(૪) જામ સતાજીનું આ યુદ્ધમાં ૩૦ હજારનું લશ્કર હતું. પરંતુ તેમાનાં મોટાભાગના સૈનિકો મુસ્લિમ સૈનિકોના પ્રમાણમાં તાલીમ વિનાના અને માત્ર લડવા ખાતર આવેલા હતાં. જયારે સામા પક્ષે બાદશાહના લશ્કરમાં તો કાયમી લડતા અને કેળ વાયેલા અને ઈસ્લામધર્મનાં ખુન્નસથી લડનારા અને યુદ્ધ લુંટમાંથી ઈસ્લામના નિયમો મુજબ ભાગ મેળવનારા સૈનિકો હતાં. જયારે આપણું સૈન્ય માત્ર રાજપૂતી ખુન્નસથી લડતું હતું જયારે કોઈ તેઓ ટેકનિક કે યુદ્ધ કળા મુસ્લિમો જેવી જાણતા ન હતાં. તે માત્ર મરી ફીટવાનું જાણતા હતાં તે પણ ખામી ગણી શકાય. બાકી જો તેનામાં તાલીમ અને યોગ્ય ટેકનિક મળી હોત તો દુનિયાની કોઈ તાકાત રાજપૂતોને રોકી શકત નહીં.

(૫) બાદશાહના પક્ષે માત્ર શરૂઆતમાં છાવણીની પસંદગી સિવાય બધી જ જગ્યાએ તેઓએ યોગ્ય રીતે વ્યુહથી અને યોગ્ય વ્યક્તિઓનો સાથ લઈ લડયા હતાં હળવદના રાજચંદ્રસિંહ જેવા રાજપૂતને પણ પોતાના પક્ષે કરી લીધા હતા અને છેલ્લે કચ્છના રાવ ભારમલને પણ મોરબી પરગણાની વાત કરી મુજફ્ફરશાહને પકડી પણ લીધો જયારે

જામસતાજીના પક્ષે કુટનીતિ કે યોગ્ય સંકલન સાધી શકાયું નહોતુ ધ્રોળના પાદરમાં લડાતા યુધ્ધમાં ધ્રોળના ભાયાતો પણ સામેલ થયા નહોતા કે કચ્છના રાવ કે અન્ય કોઈ જબરી શક્તિઓને (દોલતખાન લોમા ખુમાણ સિવાય) સાથ લઈ શકયા નહોતા.

(૬) જો જામસત્તાજી અને કુંવર અજાજી જો યુદ્ધના મેદાનમાં હાથી ઉપરથી ઉતરી ઘોડા ઉપર બિરાજયા હોય તો તે પણ એક યુદ્ધની ભૂલ હતી.

: યુદ્ધનો જસ :

યુદ્ધનું પરિણામ તો જે આવવાનું હતું તે આવી રહ્યું પણ જયારે યુદ્ધના જસની વહેંચણી કરીએ ત્યારે સૌપ્રથમ નામ કુંવર અજાજીનું આવે છે તેની સાથે જ તેમના રાણીસાહેબાના પતિવ્રતા ધર્મની પણ નોંધ લેવી ઘટે જ. બીજો જસ જેસા વજીરને દેવો પડે કે જયારે તેણે યુદ્ધમાં હારી જવાના એંધાણ જોયા ત્યારે પોતાના રાજવીને સાચી વાતથી વાકેફ કરી કહયું કે " તમે જલ્દી નવાનગર (જામનગર) જઈ રાજકુટુંબની સુરક્ષા માટેની વ્યવસ્થા કરો." ત્રીજો જસ મહેરામણજી ડુંગરાણીને ફાળે જાય છે કે એ રાજપૂત પોતાના ૧૪ દીકરા સાથે આ યુદ્ધમાં લડવા આવ્યા હતો. ચોથો જસ પિતા પુત્ર એવા જેસા વજીરના પુત્ર નાગડા વજીરને દેવો ઘટે એમ કહેવાય છે કે યુદ્ધ પૂર્ણ થયા પછી અજીજ કોકો યુદ્ધના મેદાનમાં નીકળ્યો ત્યારે આ ફાટેલ નાગડા વજીરના દેહને જોઈ આશ્ચર્ય પામી ગયો અને તેના ચૂંથાયેલા દેહને ભેગો કરીને તેણે જોયો હતો. આ નાગડા વજીરના ઘણા બધા દૂહાઓ મળે છે.

બાકી ભાણજીદલ, ડાહયો લાડક અને બાવાઓની જમાત પણ જસની એવી જ અધિકારી હતી.

આ સિવાય આ યુદ્ધમાંથી બાકાત એવા એક વ્યક્તિને પણ જસ દેવો ઘટે. જયારે મુજફ્ફરશાહ ભાગીને દ્વારકા આવતો રહયો હતો ત્યારે પાછળ શાહી લશ્કર આવ્યું ત્યારે તે જગત દ્વારકાના રાજા શિવરાણા વાઘેરે તેને મદદ કરી અને જયારે શાહી લશ્કર બેટ પહોંચી ગયું એવા સમયે આ વાઘેર મુજફ્ફરશાહને થોડા ઘોડા અને રજપૂત રક્ષકો આપી કચ્છ બાજુ મોકલી દીધો.

આ શિવા વાઘેરને ખબર હતી કે આ અકબરનો દુશ્મન છે. છતાં મદદ કરી તેનો જસ મારી દ્રષ્ટિએ જામસતાજી જેટલો જ મળે છે. પછી તો શાહી લશ્કર આવ્યું તેની સાથે લડતા લડતા શિવો વાઘેર મરાયો. આ વ્યક્તિએ કોઈપણ આશા વિના મુજફ્ફરને મદદ કરી હતી તે સૌરાષ્ટ્રની રખાવટ અને આશરા ધર્મને માટે કોઈ નાની સૂની બાબત ન ગણાય.

: યુદ્ધનો અપયશ :

આ સૌરાષ્ટ્રની મોટી લડાઈનો અપયશ ત્રણ વ્યક્તિઓને મળ્યો. જૂનાગઢના દોલતખાન ઘોરી, ખેરડીના લોમા ખુમાણ અને કચ્છના રા. ભારમલજી. જેમાં પ્રથમ બે વ્યક્તિઓને માથે અંતે યુદ્ધમાં દગો કર્યાનું આળ ચડયું અને લખાયું કે તેઓ યુદ્ધમાંથી અધ્ધવચ્ચેથી નીકળી શાહી લશ્કર સાથે ભળી ગયા હતાં.

જયારે ત્રીજા રાવ ભારમલજીએ રાજપૂત ધર્મને અવગણીને પોતાને મોરબીનું પરગણું મળે એ લાલચથી મુજફ્ફરશાહને જીવતો મોગલોને સોંપી દીધો રા. ભારમલજીએ મુજફ્ફરશાહને મોરબી માટે સોંપી દીધો તેથી નારાજ થઈ પઠાણોએ રાવ ભારમલજીનો પાળિયો ત્યાં ખોડયો હતો અને તેની બેઅદબી કરી એક દુહો બોલતા હતાં.

ભારા કછકા ભૂપતી હે ભારી મતિ હીન
એક મોરબી કારણે પક્કડ મુજફ્ફર દીન – ૨૪
કચ્છ કો મતિ હાણ ભારો ભૂપતિ
એક મોરબી કારણે મુજફ્ફર દયો સૌંપ – ૨૫

આ પાળિયો જામસતાજીના કુંવર જસાજીએ અકબરના દરબારમાં સમાધાન કરતાં અને તેમની ખુશી મેળવતા આ રાવ ભારમલજીનો પાળિયો કાઢી નાંખવાની પણ વાત સ્વીકારાઈ હતી. તેથી બાદશાહે તે પાળિયો કઢાવી નાંખ્યો હતો.

: સુલતાન મુજફ્ફરશાહ ત્રીજાનો અંત :

જે કેદમાંથી ભાગ્યો અને જામસતાજીના આશ્રયે આવ્યો. અંતે જામે તેને ન

સોંપવાથી યુદ્ધ થયું તે મુજફ્ફરશાહ લડાઈ પછી બરડામાંથી ઓખા તરફ ગયો. આ સમયે મુજફ્ફરશાહે વિચાર્યુ કે જેણે મારા માટે આ મોટું યુદ્ધ કર્યુ અને રાજપાટ છોડી જંગલનો વસવાટ પસંદ કર્યો. તેને હવે વધારે હેરાન કરવા નથી એમ ગણતરી કરીને આ નિસહાય અને કમનસીબ સુલતાન નીકળી ગયો હતો.

છેલ્લે કચ્છના રા. ભારમલજી પાસે આશરો મેળવ્યો તેણે તેને કચ્છમાં પચ્છમાઈ પીરના સ્થાનક કાળાડુંગરમાં સંતાડયો હતો. [૨૬]

પરંતુ ત્યાંથી મુજફ્ફરશાહનું ભાગ્ય હવે અવળું ચાલતું હતું એ સમયે કચ્છના રા. ભારમલજીને જામસતાજીની શી વલે થઈ છે તેનું સ્મરણ થયું. તેથી અને તેમાં વળી પાછુ મુસ્લિમો પાસેથી મોરબી, માળિયા પરગણું પાછું મેળવી લેવાની લાલચમાં પોતે મુજફ્ફરશાહને સોંપી દેવા તૈયાર થયા. પછી રાવ ભારમલજી જાતે જ મોગલ સૈનિકોને સાથે લઈ મુજફ્ફર જયાં હતો ત્યાં ૨૩ ડિસે. ૧૫૯૨ ના રોજ શાહી સેનાપતિ અબ્દુલાખાન પાસે પકડાવી દીધો.

આખરે આ યુદ્ધના કારણરૂપ મુજફ્ફરશાહ જીવતો પકડાયો પણ તેને અમદાવાદથી દિલ્હી લઈ જવાતો હતો ત્યાં રસ્તામાં કુદરતી હાજતે જવાનું બહાનું કાઢી પાસેના સંતાડેલા અસ્ત્રાથી ગળું કાપી આપઘાત કર્યો [૨૭]

મુજફ્ફરશાહે અસ્ત્રા વડે આપઘાત (૨૩ ડિસે. ૧૫૯૨) કર્યો. તેના વિશે પણ આધુનિક ઈતિહાસકારો શંકા કરે છે કે શું આવા રાજકેદીને કોઈએ તપાસ્યો નહીં હોય કે તેણે કોઈ હથિયાર તો છુપાવ્યું નથી ને ? પરંતુ મુજફ્ફરને ત્યાં મારી નાંખવામાં આવ્યો હશે. [૨૮]

મુજફ્ફરશાહના આ આપઘાતનું સ્થળ કયાંક ધ્રોળ પાસે લખાય છે પરંતુ સ્થળ માટે ડૉ. અબ્દુલ્લા છગતાઈ લખે છે કે તે સ્થળ ભૂજથી મોરબીના રસ્તે જતા ૩૦ માઈલ દૂર ધમડકા ગામ છે. આજે પણ આ ધમડકા ગામ પ્રખ્યાત છે.

આમ એક યાદગાર યુદ્ધના પાત્રનો સૌરાષ્ટ્ર કચ્છની ધરતી ઉપર છેલ્લો શ્વાસ ગયો તેનું માથુ કાપીને આઝમખા કોકાની પાસે મોકલાયું. [૨૯] ત્યાંથી તેને નિઝામુદીન બક્ષી દ્વારા અકબરના દરબારમાં દિલ્હી મોકલાયું. આ ૧૬મી સદીની નૃશંસતા તો જૂઓ આખો યુગ કેવો ક્રુરતાવાળો હશે. ત્યારની લડાઈઓ અને આજના યુગની લડાઈઓમાં

આવા પ્રસંગોમાં ઘણા ફેરફારો યુગ આગળ વધ્યે થયા છે છતાં જનૂની રાષ્ટ્રો કયારેક નૃશંસતાનું પ્રદર્શન કરે છે. ઈ.સ.૧૯૭૧ની પાકિસ્તાન સાથેની ભારતની લડાઈમાં પાકિસ્તાને ફિરોજપુરની બાજુમાં આવેલી શહીદ ભગતસિંહની સમાધિને તોડી રોષ ઠાલવ્યો હતો. [૩૦]

: યુદ્ધમાં લોમોખુમાણ અને દોલતખાન :

લોમોખુમાણ એ પણ આ યુદ્ધમાં એક અતિ મહત્વનું પાત્ર રહયો હતો. જે વલભીના મૈત્રકવંશના શિલાદિત્યમાંથી દેવાદિત્ય, બાલાદિત્ય, વિક્રમાદિત્ય અને તેમાંથી જ ધીમેધીમે તે અપભ્રંશ થતાં વાળા અટક પડી છે. જયારે અમુક વિદ્વાનોને મતે તેઓ અહીંથી વળી રાજસ્થાનમાં ગયા અને પછી પાછા વળ્યા માટે વાળા કહેવાય છે. [૩૧] એ વલભીના મૈત્રકવંશમાંથી ઉતરી આવેલ અને ઢાંકના વાળા રાજપૂતોમાંથી છુટા પડેલ વાળા, ખાચર, ખુમાણ નામના શાખાયત કાઠીમાંનો એક કાઠી રાજપૂત રાજવી હતો. [૩૨]

લોમોખુમાણ એ ૧૬મી સદીના ઈતિહાસનું એક અગત્યનું પાત્ર હતો. તેણે ગુજરાતને મુસ્લિમ બાદશાહ અકબરના હાથમાં જતુ બચાવવા પણ પ્રયત્નો કર્યા હતાં. તેણે સુલતાન મુજફ્ફરશાહને ૩ થી ૪ હજાર કાઠી ઘોડેસવારોની મદદ કરી. અમદાવાદ ઉપર હુમલો પણ કર્યો હતો અને અમદાવાદ જીતી પણ લીધું હતું. [૩૩] આ જબરો કુટનીત્તિજ્ઞ અને હિંમતવાન શૂરવીર બેવડીનીતિથી રાજકીય લાભ લેવામાં માનતો હતો. આ ખુમાણોએ ખેરડીથી આવી જસદણમાં જૂનાગઢના ઘોરી સુબાઓએ બાંધેલો ઘોરીગઢનો કિલ્લો જીતી લઈ ત્યાં ગાદી સ્થાપી હતી.

આ લોમાખુમાણે શિહોરના રાજવી ધુનાજી ગોહિલ સાથે વેળાવદર (તા. ગારીયાધાર) પાસે લડાઈ કરી તેમાં ધુનાજી ગોહિલને મારી નાંખ્યા હતાં. ત્યારે લોમોખુમાણ શિહોર અને ગારીયાધાર બન્નેનો માલિક બન્યો હતો. ધુનાજીના બે રાણીઓ આ યુદ્ધ પછી વેળાવદરમાં સતી થયા હતાં. જેના પાળિયા ઉપર સંવત ૧૬૭૫ વર્ષે કારતકવદ દ્વાદશી સોમવાર લખ્યું છે. [૩૪] એ પાળિયો બતાવે છે કે ઈ.સ. ૧૬૧૯ સુધી તો લોમાખુમાણ જીવતો હતો.

વિભા વિલાસમાં નોંધાયું છે કે જેસા વજીરે મરતા મરતા કીધુ હતું કે લોમાની ખુટામણ ભૂલતા નહી. તે યાદ કરી જામ સતાજીએ પોતાની ફોજ સાથે કાલાવડ પાસેના ખેરડી ગામે ઘેરો ઘાલ્યો અને અસંખ્ય કાઠીઓને મારી નાંખ્યા અને લોમાના વંશમાં એકેયને જીવતો ન મૂકયો અને લોમાખુમાણના પણ પ્રાણ લીધા. [૩૫] લોમાખુમાણનો પાળિયો આજે કાલાવડ પાસેનાં ખેરડી ગામે બતાવવામાં આવે છે.

આ રીતે લોમાખુમાણની ખુટામણનો બદલો જામ સતાજીએ લીધો. આ લોમાખુમાણના મૃત્યુ વિશેનો એક દૂહો મળે છે.

દાનીપતિએ કીધો દગો ઝાંઝર લઈ પગમાં જડયો
સંવત સોળસો એકાશીએ પરજ થંભ લોમો પડયો.

આ દૂહો બતાવે છે કે લોમા ખુમાણનું મૃ□યુ ઈ.સ. ૧૬૨૫ માં થયું હતું.

જયારે લોમા ખુમાણના મૃ□યુ વિશે અન્ય પણ એક બાબત જાણવા મળે છે કે ભૂચરમોરીની લડાઈ પછી ઘણા બધા વર્ષે લોમા ખુમાણને જામ મારીને દગાનું વેર લે છે. જયારે લોમા ખુમાણે નોંઘણજીને હરાવીને ગારીયાધાર જીતી લીધુ હતું ત્યારે નોંઘણજીના રાણીસાહેબા લોમા ખુમાણના ધર્મની બહેન બનતાં તે રાણીએ ગારીયાધાર પસલીમાં પાછું માંગી લીધું હતું. આ નોંઘણજી અને લોમાને હાથીમાંથી વેર બંધાયું હતું.

પરંતુ પાછું આ સંબંધે નોંઘણજી અને લોમાને મનમેળ બની જતાં એક વખત એ નોંઘણજીના રાણીને નવાનગર જવું હતું. કારણ કે નોંઘણજીના એક કુંવરી નવાનગર વરાવ્યા હતાં. ત્યારે નવાનગર જતી વખતે રાણીએ માનેલા ભાઈને સાથે લીધા. આ સમયે જ નવાનગરમાં જામ જસાજીને ભૂચર મોરીનો દગો યાદ આવ્યો અને તેનો બદલો લેવાનો આ સારો મોકો લાગ્યો જેથી આ યુકિ ઘડીકાઢી દેખાય છે.

નોંઘણજી રાણી અને લોમો ખુમાણ જેવા નવાવગરના રાજમહેલમાં દરવાજે દાખલ થયા કે તરત જ દ્વારપાળે લોમાને પોતાના હથિયાર અહીં મૂકી દીધા પછી જ અંદર જવા દેવાનું કહેતા. આ ફાટેલ કાઠીને અને પાછા મહેમાનને હથિયાર મૂકવાનું કહેતા તે અપમાન જેવું લાગ્યું. કારણ કે કાઠી કદી હથિયાર વગરનો ન હોય તેવો ત્યારે જમાનો અને

રિવાજ હતો. તેથી પોતાના ધર્મ અને રિવાજને પડકાર સાંભળી ક્રોધે ભરાઈને તે દ્વારપાળ ને ત્યાં જ કાપી નાંખ્યો. આ ઘટનાની અંદરના સૈનિકોને જાણ થતાં વેંત જ તેમણે લોમા ખુમાણને પકડી જામ પાસે લોહી લુહાણ હાલતમાં રજૂ કર્યો. આ ઝપાઝપીમાં લોમાને અનેક ઘા લાગ્યા હતા તે ઘા માંથી લોહી વહી રહયું હતું. પોતે મહેમાનરૂપને બદલે બંદીવાનના રૂપમાં જામ પાસે છે ત્યારે જામ જસાજી પૂછે છે કે લોમા ખુમાણ હું તને જીવતો જવા દઉં તો શું કરે? [૩૬] ત્યારે આ જવામર્દ કાઠીએ તે રાજ દરબારમાં કહયું કે જેમ કોઈ સ્ત્રી તાવડીમાંથી રોટલો ઉથલાવે એમ નગરને ઉથલાવી નાંખુ. થોડા સમયમાં જ લોમાનું મૃત્યુ થયું.

: યુદ્ધમાં દગો થયો હતો ? :

આ યુદ્ધના એ સમયના બે બાહોશ વ્યકિઓના ભાગ્યમાં ખુટામણનો અપજસ લખાયો હતો. આવા યૌદ્ધાઓએ દગો કેમ કર્યો તેના વિશે વિચારવાના બે ત્રણ મુદાઓ અહીં રજૂ કરું છું.

લોમા ખુમાણે અને દોલતખાને આ રાષ્ટ્રીય યુદ્ધમાં દગો કેમ કર્યો. જે યુદ્ધ હિંદુનું મુસલમાન સામે લડાઈ રહેલું હતું. જો એ યુદ્ધમાં મુસ્લિમ બાદશાહ જીત મેળવે તો આ લોમા અને દોલતખાનને પણ તે સત્તા અડચણરૂપ બને તેમ હતી. તે પણ બન્ને સમજતાં જ હશે છતાં આ યુદ્ધમાં દગો કરે એ વાત વિચારતા કરી મૂકે છે.

લોમો ખુમાણ તે સમયે ખૂબ જ પ્રબળ મહત્વાકાંક્ષી જાગીરદાર હતો. તેને શરૂઆતમાં જાડેજાઓ સાથે સારા સંબંધો પણ હતા. જામનગરનું લશ્કર જયારે જૂનાગઢના દોલતખાનની સહાય માટે સલ્તનત સામે લડવા આવ્યું ત્યારે તેમાં લોમો ખુમાણ પોતાનાં ૧૨ હજારના સૈન્ય સાથે જામની બાજુમાં રહયો હતો. આવા સંબંધો વચ્ચે પણ એક મોટા યુદ્ધમાં વચ્ચેથી ખસી ગયા પાછળનું કારણ પોતાનું એક વખતનું વ્યકિગત અપમાન આ યુદ્ધ સમયે તેને યાદ આવ્યું. મુહણૌત નૈણસીએ પણ નોંધ્યું છે કે લોમા ખુમાણ સાથે જામે પહેલા કાંઈક ગેરવર્તાવ કર્યો હતો. [૩૭]

એક વખત જામના સૈન્યે અને લોમાએ બાદશાહી લશ્કરને લુટયું હતું ત્યારે તેમાં લોમા ખુમાણે એક હાથી પકડેલો આ હાથી જામસાહેબે લોમા પાસે રહેવા ન દેતા લઈ

લીધો. એ સિવાય જેસા વજીરે લોમા ખુમાણને ન કહેવાના આકરા વેણ હાથી બાબતે કહયા હતાં. [૩૮] તેથી લોમા ખુમાણને જે શબ્દો કાળજામાં ખૂંચી ગયા હતાં. તે દિવસથી તેના મનમાં જામ પ્રત્યે ધિક્કારની લાગણી ભરાઈ અને તે અપમાનનો બદલો લેવા વિચારતો હતો. તે મોકો આ યુદ્ધમાં મળ્યો તે પોતે લશ્કરમાંથી વચ્ચેથી ભાગી ગયા અને એ અપમાનનું વેર આ રીતે રાષ્ટ્રીય લડાઈનો કે ઈતિહાસનો ડર રાખ્યા વિના વાળ્યું.

બીજો દગો કરનાર વ્યકિ વિભાવિલાસ અને યદુવંશપ્રકાશ દોલતખાનને કહે છે. જે દગો ખરેખર થયો હોય તો તે શા માટે દગો કર્યો તેના કારણો હું નીચે મુજબ જણાવું છું.

(૧) કદાચ દોલતખાનના અજ્ઞાત મનમાં મુસ્લિમ ભાવના પણ જાગી હોય કે એક હિંદુ સામે મુસ્લિમ લડી રહયો છે. તેથી ઈસ્લામની સેવામાં આ દગાએ વધારે કર્યો છે. એમ ગણાશે તેમ માની દગો કર્યો હશે.

(૨) બીજું કારણ દગો કરવાનું એ હોય શકે કે જામસાહેબ આ યુદ્ધ નથી જીત્યા એ પહેલા પણ સૌરાષ્ટ્રની એક મહત્વની શક્તિશાળી સત્તા ગણાતા હતાં. તેમાં પાછા જો અકબરના સુબા સાથેના યુદ્ધને જીતે તો ખૂબ જ શક્તિશાળી બની. કદાચ પછી આપણને માટે પણ કયારેક મુશ્કેલી ઉભી કરે તેમ વિચારીને પોતે યુદ્ધમાં દગો કરી બાદશાહી સૈન્ય સાથે ભળી ગયા.

(૩) ત્રીજુ કારણ એ ગણી શકાય કે જયારે જૂનાગઢમાં દોલતખાને સુલતાન સામે બળવો કર્યો ત્યારે સુલતાન તેને નમાવવા જૂનાગઢ ઉપર ચડાઈ કરે છે. ત્યારે દોલતખાને જામની મદદ માંગી હતી. તેથી જામનું લશ્કર નવાનગરથી મજેવડી સુધી આવી ગયું ત્યારે દોલતખાનને શંકા પડી કે કયાંક આ લશ્કર પછી જૂનાગઢ ખાલી નહીં કરે તો તેથી તેણે જામનાં લશ્કરને કહયું હવે સુલતાન સાથે સમાધાન થવાની અણી ઉપર છે માટે આપ પાછા લશ્કર સહિત જામનગર જાવ. ત્યારે જામને ખોટું લાગ્યું કે આ શું ઘડીક લડવું અને ઘડીકમાં ના એમ કરે છે. તેથી તે લશ્કરે ક્રોધમાં આવીને હુમલો કર્યો. શાહી સેનાના ૫૨ હાથી અને ૩૫૦૦ ઘોડા અને ૭૦ પાલખીઓ, તોપો ઝૂંટવી લીધી ત્યારે જૂનાગઢના દોલતખાને પછી આ દશ્ય જોઈને ગભરાઈને સૈયદો અને ભાટોને વચ્ચે નાંખી જામસાહેબ સાથે સમાધાન કરી એ પોતાની ભૂલ

માટે માફી માંગી. ત્યારે જૂનાગઢે ભોદ અને ચુડ અને જોધપૂર અને બીજા છત્રીસ ગામડાઓ જામસાહેબને આપ્યા. આ અપમાન કે હારનો બદલો દોલતખાને ભૂચર મોરીમાં દગો કરી વાળ્યો હશે એમ શંકા કરી શકાય.

જો વિભાવિલાસ અને યદુવંશપ્રકાશના વર્ણનોને જો એકપક્ષીય અને પોતાના તરફી ગણીએ તો ખરેખર દોલતખાને તો દગો કર્યો નહોતો.

જે દોલતખાન વિશે મિરાંતે સિંકદરીનો લેખક જે યુદ્ધમાં હાજર હતો તે લખે છે કે યુદ્ધમાં દોલતખાન ઘવાયો હતો. તો તેણે દગો કેમ કર્યો હશે. બીજું કે જો દોલતખાને મોગલ લશ્કરની સાથે મળી ગયો હોય તો પછી મોગલ લશ્કર કે સુબો એવા સાથી જૂનાગઢ ઉપર હુમલો શું કામ કરે ?

ત્રીજું કે યુદ્ધમાંથી દોલતખાન મુજફ્ફર અને જામ ત્રણેય જૂનાગઢ જતાં રહયા નું નોંધાયું છે તો પછી ત્રણેય સાથે કેમ જાય, દગો કરનાર સાથે કોઈ જાય ખરૂ ?

ચોથું કે જામસતાજી એટલું તો વિચારી જ શકયા હોય કે જો દોલતખાન અને લોમા ખુમાણ સાથે તેને ભૂતકાળમાં મનદુઃખ હોય તો કાંઈ તેને આગલી હરોલીમાં ન રહેવા દે. વળી દોલતખાનને એટલી તો ખબર સાથ દેતી વખતે જ હોય કે જામ જીતે તો તેનું સ્થાન કેવું બને કાંઈ યુદ્ધના મેદાનમાં જ આવો વિચાર નહી આવ્યો હોય. આવા બધા પ્રશ્નોનો વિચાર કરતાં લાગે છે કે દોલતખાને દગો ન કર્યો હોય.

પાચમું કે મિરાંતે સિંકદરી, તબકાતે અકબરી અને રત્ન મણિરાવ ભીમરાવ જોટેને વાંચતા તો લાગે જ કે દોલતખાને દગો નહીં કર્યો હોય. નહીંતર મુસ્લિમ ગ્રંથો એ દગા વિશે નોંધ્યુ હોત એટલે આ યુદ્ધ કાવ્યમાં ઈતિહાસ ગૂંચવાયો છે. આજે તો ભૂચર મોરી માટે જે સાધનો મળ્યા છે તેના ઉપરથી અને તેમાં આપેલા વર્ણનો ઉપરથી આ શંકાઓ ઉપસ્થિત થાય બાકી જયારે ઈતિહાસ તો પુરાવાઓ ઉપર જ આધાર રાખે છે. પરંતુ ઈતિહાસમાં જયાં ઓછા સાધનો અને વિરોધાભાસી સાધનો મળતાં હોય ત્યાં આવી શંકાઓ ઉપરથી થોડુંક સત્ય તારવવાનો મેં નમ્ર પ્રયત્ન કર્યો છે.

લોમા ખુમાણના બચાવ માટે હું કાંઈ દલીલો કરતો નથી. કારણ કે કાઠીઓ યુદ્ધમાં પહેલેથી જ ભાગી ગયા હતાં. તેવું તો ઘણી જગ્યાએ નોંધાયું છે. [૩૯] એ સિવાય લોમા

ખુમાણની કુટનીતિ અને ક્રોધ અને તેના ઘાયલ થયા વખતનો જવાબ જોતા પણ લાગે કે આ કુટનીતિજ્ઞ પુરૂષે રાજનીત્તિનો અહીં ઉપયોગ કર્યો હશે. બાકી જામની શરૂઆતની જીતની વાત પછી આ હારને જીરવવા માટે પણ ઈતિહાસમાં ભેળસેળ થઈ હશે.

હું પોતે આ લોમા ખુમાણના પૂર્વજોમાંથી બહાર આવેલ શાખાયત કાઠી રાજપૂત હોવા છતાં જરાય પણ પક્ષપાત રાખ્યા વગર માત્ર ઈતિહાસની મેં અહીં આરાધના કરી છે. કે બિલકુલ ભવિષ્યની પ્રજા એ બાબતે મારા ઉપર દોષારોપણ ન કરે તે દષ્ટિથી જ આ યુદ્ધનો મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. માત્ર પુરાવાઓને આધારે તર્ક દ્વારા જ સમજાવ્યું છે. હજુ કોઈ આથી વિશેષ પુરાવાઓ શોધી જણાવશે ત્યારે આ સંશોધનમાં તે બાબતનો ઉમેરો થશે.

: ભૂચર મોરીના યુદ્ધના પરિણામો :

આ ભૂચર મોરીની લડાઈએ ગુજરાતમાં જ નહીં પણ સૌરાષ્ટ્ર કચ્છનાં મોટા ભાગમાં રાજકીય પરિવર્તનો કર્યા.

(૧) આ લડાઈમાં જૂનાગઢના દોલતખાને પણ ભાગ લીધો હતો. તેથી તેને સજા કરવા માટે નૌરંગખાન, સૈયદખાન અને ગુજરખાન જૂનાગઢ આવ્યા. તે સમયે ઘવાયેલો દોલતખાન મૃત્યુ પામ્યો હતો. પરંતુ કિલ્લા અંદરના સરદારો લડયા પરંતુ મોગલ સેના તે જીતી ન શકતા તે સેના પાછી અમદાવાદ ગઈ અને અઝીઝ કોકો જ પાછો આઠેક માસ પછી મોટુ લશ્કર લઈ આવ્યો. ત્યારે જૂનાગઢને ત્રણ મહિનાના ઘેરા બાદ જીતી લીધું પછી તો તરત જ ઘોઘા, માંગરોળ, સોમનાથ, મહુવા પણ કોકાને શરણે થઈ ગયા પછી સોરઠના પ્રથમ ફોજદાર તરીકે નૌરંગખાનને નીમવામાં આવ્યો. આમ આ યુદ્ધથી જૂનાગઢનું રાજ અને અન્ય ગામો પણ મોગલોનાં ખંડિયા બન્યા.

(૨) જૂનાગઢના ચુડાસમા રાજવંશનો છેલ્લો રાયજાદો ખેંગારને મુજફ્ફરશાહને મદદ કરી પોતાનું રાજય પાછું મેળવવું હતું. તેનું રાજય પાછું આપવાની મુજફ્ફરશાહે ખાતરી પણ આપી હતી. તે આ યુદ્ધમાં હારી જતાં નિષ્ફળ નીવડી. તેને જૂનાગઢ ન મળ્યું પણ એની જાગીર સીલ બગસરા, કેશોદ અને ચોરવાડ મળ્યા અને જાગીરદાર

તરીકે સંતોષ માનવો પડયો.

(૩) ભૂચર મોરીની લડાઈનો ફાયદો પોરબંદરના જેઠવા રાજવંશને થયો. કારણ કે જામ સતાજીએ જેઠવા રાણા રામદેવજી ચોથાને (૧૫૪૦ થી ૧૫૭૪) મારી નાંખ્યા હતાં અને તેનો પ્રદેશ પોતાના રાજમાં ભેળવી દીધો હતો. હવે જામ સતાજીની ખરાબ હાલત જોઈ રામદેવજીના પુત્ર રાણા ભાણજીની વિધવા રાણી કલાદેવીએ જામ સામે બળવો કરી. જેઠવાના સ્વતંત્ર રાજયની સ્થાપના પોતાના સગીરપુત્ર રાણા ખીમાજીના (૧૫૭૪ થી ૧૬૧૬) નામે કરી દીધી. આ બળવામાં રાણી કલાદેવીએ રબારી અને મેરની સહાયતા લીધી હતી. આમ ભૂચર મોરીના યુદ્ધને લીધે જામ નબળો પડતા જેઠવા રાજ ફરી સ્થપાયું અને છાયાને રાજધાની બનાવી.

૪૦

(૪) ભૂચર મોરીની લડાઈએ રાજકીય પરીણામોની સાથે સાંસ્કૃતિક પરિણામો પણ જન્માવ્યા. આખા સૌરાષ્ટ્રમાં આશરાધર્મની વાતો ત્યારે પ્રચલિત બની. ચારણોએ રાજપૂતોને બિરદાવતા સતીને બિરદાવતા કાવ્યો રચ્યા. ભૂચર મોરીની વાર્તાઓ અને દંતકથાઓ ગામડે ગામડે વહેતી થઈ. જેમા રાજપૂતી યુગની પ્રશંસા થવા માંડી જેમાં ખાસ કરીને વિભાવિલાસના વર્ણનો ખૂબ જ રસિક છે જેમાં સૈન્યના વર્ણનો, મહાવતો અને ઘોડાના વર્ણન, યૌદ્ધાઓનું વર્ણન, તોપખાનાનું અને સૂત્રનાળોના સાંઢિયાના સુંદર વર્ણનો છે.

(૫) આ લડાઈ પછીના માત્ર બે વર્ષમાં ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ મોગલ સત્તા નીચે આવી ગયું જે મોગલ સત્તાને ૧૮ મી સદીમાં મરાઠા આવતા સુધી કોઈએ ન પડકારી.

જામ સતાજીને નવાનગર પાછું

જામ સતાજી યુદ્ધના મેદાનમાંથી પાછા નવાનગર જઈ રાજકુટુંબની સુરક્ષા માટેની વ્યવસ્થા કરે છે. તેઓને વહાણમાં બેસાડી દે છે કે જો મોગલોને પાછા આવતા જુઓ તો વહાણોને ડુબાડી દેજો. યુદ્ધ બાદ જામ બરડામાં ચાલ્યા ગયા અને બે વર્ષ સુધી મુજફ્ફરશાહની જેમ જ સંતાતા ફરતા રહયાં.

પરંતુ જયારે જામ સતાજીને ખબર પડી કે ધમડકા પાસે મુજફ્ફરશાહે આપઘાત કર્યો છે. ત્યારે હવે મોગલ સત્તા સામે જજુમવાનું નિરર્થક ગણીને તેમણે મોગલ પ્રતિનિધિઓ સાથે સમાધાન માટે પ્રયત્નો કર્યા. તે સફળ થતાં ખંડણી ભરવાની શરતે ઈ.સ. ૧૫૯૩ માં જામ સતાજી એ નવાનગર પાછું મેળવ્યું.

નવાનગર પાછું મેળવ્યા બાબતની વિભાવિલાસ ખૂબ જ વિસ્તૃત વાત નોંધે છે, કે જામના કુંવર જસાજી અને તેના મામાસાહેબ જોધાજી સોઢા દિલ્હી ગયા. ત્યાં રૂસ્તમખા નામના એક પઠાણ કે જે મક્કાથી હજ કરી જામ સતાજીને મળ્યો હતો. તેને જામે દશદિવસ રાખી ઈનામ આપી મિત્ર બનાવ્યો હતો. ત્યારે દિલ્હીનુ કામકાજ કરી આપવાનુ વચન લીધું હતું. તે રૂસ્તમખાની મદદથી જામ જસાજીએ દિલ્હી પાસેથી નવાનગરનો અધિકાર પાછો મેળવ્યો જસાજી દિલ્હી ચાર વર્ષ રહયાનું લખે છે જયાં બાદશાહી મહેલમાં કછોટાની ઘટના પણ બને છે જેનાથી ત્યાં બધા ખુશ થયા હતાં.

: ભૂચર મોરીના ચિત્રો :

સૌરાષ્ટ્રમાં ઘણી જગ્યાએ રાજમહેલોમાં ચિત્રો છે. જેમ કે શિહોરના દરબારગઢ માં ચિતલની લડાઈના ચિત્રો, કેપ્ટન મેકમરડાના અંજારના બંગલાનાં ચિત્રો, ધાંગધ્રાના રાજમહેલનાં ચિત્રો એ રીતે ભૂચર મોરીના યુદ્ધના ચિત્રો આ યુદ્ધની યાદગીરી રાખવા અને ભાવિપેઢીને બોધપાઠ આપવા માટે બનાવવામાં આવ્યા હતાં.

જે ચિત્રો જામનગરના દરબારગઢમાં છે તેમાંથી બન્ને પક્ષે ઉપયોગનાં લેવાતી તોપો અને શસ્ત્રો સૈનિકો નો પહેરવેશ વગેરે નો ખ્યાલ મળે છે. ચિત્રકારે હિંદુ મુસ્લિમ સૈનિકો તરત ઓળખાય જાય તે રીતના ચિત્રો ચિતર્યા છે.[૪૧]

આ યુદ્ધના એક વિશાળ ફલક પરનું સુંદર એવું ચિત્ર સંવત ૧૯૪૬ માં ચિત્રકાર કડીયા માધા કચરાએ બનાવ્યું હતું જે આજે લાખોટા મ્યુઝિયમમાં છે. [૪૨]

આ સિવાય યુદ્ધના મેદાન ભૂચર મોરીમાં અજાજીની દેરીમાં દિવાલ ઉપર કુંવર અજાજી સુબાના હાથી ઉપર ઘોડો કુદાવી હુમલો કરે છે તેવું ચિત્ર છે. જે પછી થી જામ વિભાજીના (૧૮૫૨ થી ૧૯૦૩) સમયમાં બનેલું છે.

: આજનું ભૂચર મોરીનું સ્થાનક :

આશરા ધર્મ માટે જે યુદ્ધ લડાયું [૪૩] તે સ્થળે આજે પણ એ શૂરવીરોની ખાંભીઓ ૪૦૦ વર્ષના ઈતિહાસને વાગોળતી ઉભી છે. ધ્રોળથી જોડીયા જતા રસ્તા ઉપર હાઈવેથી સામે દેખાય તેમ એક વિશાળ મેદાન આવેલું છે આ મેદાનની અંદર ફરતી બાજુ દિવાલ વાળેલા વરંડાના દરવાજાની બિલકુલ સામે ચાર ફુટના ઓટા ઉપર વીસેક ફુટ જેટલી ઉંચી દેરીમાં જામ અજાજી અને તેના રાણી સુરજકુંવરબાના પાળિયા છે આ પાળિયામાં અજાજી નું ઘોડા ઉપરનું શિલ્પ છે. જયારે સુરજકુંવરબાના સતીના પાળિયામાં તેમનો હાથ કોતરેલો છે. આ દેરીની અંદર જમણી બાજુંમાં હાથી ઉપર બેઠેલા અઝીઝ કોકાનું અને આસપાસ બે ઘોડેસવાર સૈનિકોના ચિત્રો છે જામ અજાજી ઘોડો કુદાવી અઝીઝ કોકા ઉપર હુમલો કરી રહયા છે તેવું ચિત્ર છે. જયારે ડાબી બાજુનું ચિત્ર થોડું ખરાબ થઈ ગયું છે જેમાં એક રાજવી સિંહાસન ઉપર બેસીને ફુલ સુંઘી રહયા છે. તેની પાછળ બે વ્યકિત ચમર ઢોળે છે. આ રાજાની આગળ બે નર્તકીઓ નાચ કરી રહી છે. જેઓના મુખ આજે ઘસાઈ ચૂકયા છે. તેમની આગળ બે વ્યકિતઓ વાજીંત્રો વગાડે છે. આ અજાજીની દેરીના ઉપરના ધુમ્મટમાં અપ્સરાઓ ફુલો વેરી રહી હોય તેવા ચિત્રો છે આ ચિત્રો દેરીના નિર્માણ વખતેજ બન્યા હોય તેમ જણાય છે. તે ગેરૂવા રંગના એકજ કલરના ચિત્રો છે આ દેરીમાં પાળિયાની પાછળ દિવાલમાં ઉપલા ભાગે નીચે મુજબનો શિલાલેખ છે

સંવત સોળ અડતાલમેં શ્રાવણ માસ ઉદાર
જામ અજો સુરપુર ગયા વદ સાતમ બુધવાર ॥
ઓગણીસે ચૌદહ પરા વિભો જામ વિચાર
મહામાસ સુદ પંચમી કીનો જીણોધાર ॥
જેસો, ડાહયો, નાગડો, મહેરામણ દલ ભાણ
અજમલ મેલાં આપટે પાંચે જોધ પ્રમાણ ॥
આજમ કોકો મારીઓ સુબો પત સાઈ
દળ કેતા ગારત કર રણ ધણ જંગ રચાઈ ॥

આ શિલાલેખમાં ચોથી પંકિતમાં દર્શાવેલ છે કે અજાજીએ આઝમ કોકાને માર્યો

ત્યારે જ આઝમ કોકો મર્યો   નહોતો.

અજાજીની દેરીથી જમણા હાથ બાજુ બીજા આઠ પાળિયાઓ ઉભા છે. તેમાં દેરીથી પ્રથમ પાળિયો જેસાજીનો છે તેમ બાજુની દિવાલ પર સિંદુરથી લખેલું છે આ આઠેય પાળિયામાં સાતમા પાળિયા ઉપરનો લેખ થોડો વંચાય એવો હજુ જળવાયો છે. જેમાં સંવત ૧૬૪૭ શ્રાવણવદ ૮ વંચાય છે જે ગોપાલબારહઠનો પાળિયો છે. જયારે યદુવંશપ્રકાશ અને બહાર મૂકેલ બોર્ડમાં એ સિવાય અજાજીની દેરીમાંના લેખમાં આ સાલ સંવત ૧૬૪૮ લખી છે જે નિઝામુદીન અહેમદના હિજરી સવંત ૧૦૦૧નું સમર્થન કરે છે. અને ગોપાલબારહઠનાં પાળિયાથી એકવર્ષ જુદી પડે છે. કારણ કે ૧૬૪૭ માં વિક્રમ સંવતના ૫૬ વર્ષ બાદ કરતા બરાબર ઈ.સ. ૧૫૯૧ ની સાલ આવે છે આ આઠ પાળિયામાં ચાર પાળિયા ઉપર કાંઈપણ શિલ્પ (સૂર્ય ચંદ્ર સિવાય) નથી. જેમાંનો એક પાળિયો તુટી ગયો છે.

જયારે અજાજીની દેરીથી ડાબી બાજુ છ પાળિયા ઉભા છે. જેમાં ત્રણ તુટી ગયા છે તેમાંનો એક તો માત્ર અડધા ફુટનો કટકો જ રહયો છે. આ પાળિયા કોના હશે ? વિભાવિલાસ કે યદુવંશપ્રકાશ પણ કંઈ જાણતાનું લખતા નથી. આ છ પાળિયાથી બાજુના નળિયાવાળા છાપરામાં બે પાળિયા છે. ત્યાં દિવાલ ઉપર સિંદુરથી લખેલુ છે કે આ પાળિયો નાગડાજી ચૌહાણનો છે.

અજાજીની દેરીના પટાંગણમાં જ રામલક્ષ્મણ અને ભૂતનાથ મહાદેવનું નાનું મંદિર આવેલું છે. જેમા રામલક્ષ્મણના મંદિરમાં શિલાલેખ જડેલો છે. અજાજીના દેરીના પટાંગણમાં આવતા દરવાજાથી જમણી બાજુમાં સાવ સાદા ઘાટ ઘૂટ વગરના પાંચ પથ્થરોની બે અઢી ફુટની ખાંભીઓ ઉભેલી છે. જે નાગા બાવાઓની કહેવાય છે. આ સ્મારકના પટાંગણની દિવાલ બહાર બીજા આઠ પાળિયા ઉભા છે. યુદ્ધનાં મેદાનમાંથી ધ્રોળ સામે દોઢ કિલોમીટર દૂર દેખાય છે. આ મેદાન આજે પણ ૨૫૦ વિઘા થી પણ મોટું દેખાય છે.

જામ અજાજીની દેરીથી નૈઋત્યના ખૂણામાં મુસ્લિમ યૌદ્ધાઓને દફનાવવામાં આવ્યા છે. તેની ઉપર તે યૌદ્ધાઓની કબરો છે. આ સ્મારકને પણ પટાંગણ જેવું છે અને ત્યાં તુટેલો પીલરવાળો દરવાજો છે. તેની અંદર જતાં એક બાંધેલો કુવો છે કુવાથી આગળ જતા એક પાંચ ફુટ જેટલા ઊંચા ઓટા ઉપર મસ્જિદ છે જે મસ્જિદના ઓટા ઉપર જ એક જાળના વૃક્ષ

નીચે આઠ કબરો છે. તેમાંની સાત કબરો ઉત્તર દક્ષિણમાં સીધી લાઈનમાં છે. જયારે એક કબર અલગ છે. આમા સાત કબરોમાં બે કબરો અન્ય કબરો કરતાં લંબાઈ ઉંચાઈમાં મોટી છે. તે આ યુદ્ધના સરદારોની હશે એવા અનુમાનો કરવામાં આવે છે તેથી મોટી બનાવી હશે. આ મસ્જિદમાં કોઈ શિલાલેખ નથી.

આ યુદ્ધના મેદાનમાં શ્રાવણવદ અમાસનાં દિવસે મોટો મેળો ભરાય છે. જામ અજાજી શ્રાવણવદ સાતમના દિવસે વીરગતિને પામ્યા તેથી હાલાર પ્રદેશ શોકમાં સાતમનો તહેવાર ઉજવાતો નહોતો. પરંતુ જયારે જામ રણમલજીને ત્યાં પાટવીકુમાર શ્રી બાપુભાનો જન્મ શ્રાવણવદ સાતમના દિવસે જ થયો ત્યારે બા શ્રી આછુબાના હુકમથી સાતમ આઠમનો તહેવાર ઉજવવા માંડયો છે. એટલે કે સૌરાષ્ટ્રની ખાનદાન કદરદાન જનતાએ ૨૫૦ વર્ષ સુધી અજાજીની વીરગતિને યાદ રાખી શોક પાળ્યો હતો.

આ ઐતિહાસિક યુદ્ધના મેદાનને અને સ્મારકને પુરાતત્વખાતાએ રક્ષિત જાહેર કર્યુ છે. મેં આ મેદાનની સંશોધન મુલાકાત તા.૨/૧૦/૨૦૦૦ ના રોજ લઈ આ વિગતો આલેખી છે.

પાદનોંધ

(૧) રતનુ માવદાનજી "યદુવંશ પ્રકાશ" પે–૭૫/૭૬ ૨ વૈધ જીવરામ કાળીદાસ શાસ્ત્રી "ગોંડળનો ઈતિહાસ" પે–૫૬

(૨) રૂ. હો. જાલભાઈ "પશ્ચિમ હિંદુસ્તાનની પોટ્રેટ ગ્યાલરી" પે–૧

(૩) રતનુ માવદાનજી "યદુવંશ પ્રકાશ" પે–૧૦૯

(૪) પરમાર જયમલ્લ "ભાગું તો ભોમકા લાજે" પે–૧૭૭

(૫) દેશાઈ શંભુપ્રસાદ (અનુવાદક) "તારીખે–સોરઠ–વ હાલાર" પે–૧૯૦

(૬) રૂ. હો. જાલભાઈ ઉપરોક પે–૧

(૭) માધવાણી રતીલાલ "જામનગરની યશગાથા" પે–૨૯૨

(૮) લુણિયા બી. એન. " અકબર મહાન " પે–૪૯૧

(૯) જોટે રત્નમણિરાવ "ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ" ખંડ–૪ પે–૯૧૨

(૧૦) દેશાઈ શંભુપ્રસાદ "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" પે–૫૩૧

(૧૧) રતનુ માવદાનજી "યદુવંશ પ્રકાશ" પે–૧૯૪ (૨) વ્યાસ હસમુખ '' ઈતિહાસ સંસ્પર્શ '' પે–૬

(૧૨) દેશાઈ શંભુપ્રસાદ "તારીખે–સોરઠ–વ હાલાર" પે–૧૯૯

(૧૩) દેશાઈ શંભુપ્રસાદ "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" પે–૫૬૩

(૧૪) જોટે રત્નમણિરાવ ઉપરોક્ત ગ્રંથ–૪ પે–૧૦૨૪

(૧૫) ડિસ્કાલકર ડી.બી. "ધ ઈન્સક્રિપ્સશન ઓફ કાઠિયાવાડ" નં–૧૦૫ પે–૨૦૫

(૧૬) કોમિસેરિયટ એમ. એસ. "હિસ્ટ્રી ઓફ ગુજરાત" ભાગ–૨ પે–૨૫ (૨) તબકાતે અકબરી (ભાષાંતર) ગ્રંથ–૨ પે–૫૭૮/૯૬

(૧૭) ઈલિયટ/ડાઉસન "તબકાતે અકબરી" (ગ્રંથ–૫) પે–૩૭૪

(૧૮) નૈણસી મુહણૌત "મુહણૌત નૈણસી કી ખ્યાત" ભાગ–૨ પે–૨૪૧

(૧૯) જોટે રત્નમણિરાવ ઉપરોક્ત ગ્રંથ–૪ પે–૧૦૨૪

(૨૦) મહેડુ વજમાલજી "વિભાવિલાસ" પે–૨૩૦

(૨૧) બારોટ અભેસંગ પોપટ "જાડેજાવંશ ને વસુંધરા" પે–૧૯૨

(૨૨) જોટે રત્નમણિરાવ ઉપરોક્ત ગ્રંથ–૪ પે–૧૦૩૩

પાછળથી એના અસ્થિને શાહી રાજધાનીમાં લઈ જઈ દફન કરવામાં આવ્યા. કોકાનો અર્થ દૂધભાઈ થાય છે. તે ગુજરાતનો પાંચ વાર સુબો નિમાયો હતો તે ઈતિહાસનો શોખીન હતો.

(૨૩) પરમાર જયમલ્લ "ભાગું તો ભોમકા લાજે" પે–૪૩૮/૪૩૯

(૨૪) મહેડુ વજમાલજી "વિભાવિલાસ" પે–૩૩૭

(૨૫) બારોટ અભેસંગ પોપટ "જાડેજાવંશ ને વસુંધરા" પે–૧૯૮

(૨૬) પરમાર ચંદ્ર, શાહ વજીહુદીન (ગુજરાતી) પે–૩૩

(૨૭) સૌરાષ્ટ્રનો ઈતિહાસ (દેશાઈ) પે–૫૩૫ (૨) મિરાંતે સિંકદરી પે–૪૭૪ (૩) અકબરનામા ખંડ–૩ પે–૯૬૨–૬૫ (૪) મિરાતે અહમદી પે–૧૮૩/૮૪ (૫) ગુ. રા. સાં. ઈ ગ્રંથ–૫ પે–૪૯

(૨૮) આચાર્ય નવીનચંદ્ર "મુસ્લિમ કાલીન ગુજરાત" પે–૩૫

(૨૯) તબકાતે અકબરી પે–૩૭૯ (૨) ગુ. સાં. ઈ ખંડ–૪ પે–૧૦૨૯

(૩૦) શહીદ ભગતસિંહની સમાધિના શિલાલેખના આધારે

(૩૧) ખાચર પ્રદ્યુમ્ન બી. "કાઠી ઈતિહાસ અને સંસ્કૃતિ" પે–૨૫

(૩૨) શાખાયત કાઠી દરબારો વલભીના મૈત્રકવંશમાંથી અને ઢાંકના વાળા રાજપૂતમાંથી જ નીકળ્યા છે. તે બાબતો સંશોધનથી અને સનાળીના વિક્રમશી વાળાના મળી આવેલા દાનપત્રથી એ બાબત વધુ પ્રમાણિત થઈ છે. છતાં નવોદિત લેખકો આ સંશોધન અને દાનપત્રોથી અજાણ હોવાથી કે છુપીરાખી વાળા, ખાચર, ખુમાણને ઢાંકના વાળા રાજવંશમાંથી નથી નીકળ્યા એવું આધાર વગરનું વિધાન કરે છે. જે એકડા વગરના મિંડા જેવું ઈતિહાસમાં ગણાય છે.

(૩૩) તબકાતે અકબરી ગ્રંથ–૨ પે–૩૮૨

(૩૪) ભટ્ટ દેવશંકર "શિહોરની હકીકત" પે–૪૬

(૩૫) મહેડુ વજમાલજી "વિભાવિલાસ" પે–૩૪૦

(૩૬) દેશાઈ "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" પે–૫૯૮

(૩૭) નૈણસી મુહણૌત "મુહણૌત નૈણસી કી ખ્યાત" ભાગ–૨ પે–૨૪૧

(૩૮) તારીખે સોરઠ વ–હાલાર પે–૧૯૬

(૩૯) વૉટસન જે. ડબલ્યુ "કાઠીયાવાડ સર્વસંગ્રહ" પે–૪૫૪ (૨) ગુ.રા.સાં.ઈ. ગ્રંથ–૫ પે–૪૮

(૪૦) પાઠક જગજીવનરામ કાળીદાસ "મકરધ્વજવંશી મહીપમાળા" પે–૧૪૫–૪૬

(૪૧) ગુ.રા.સાં.ઈ. ગ્રંથ–૫ પે–૪૯૨

(૪૨) જોશી હરકિશન "નગર નવાનગર જામનગર" પે–૭૬

(૪૩) માધવાણી રતિલાલ '' જામનગરની યશગાથા'' પે–૧૧૧

જામસાહેબના વંશમાં આશરાધર્મને માટે અનેક યુદ્ધો થયા છે. ભૂચર મોરીની જેમ જ વિ. સં. ૧૮૬૮ માં (ઈ.સ. ૧૮૧૨) બરડા ડુંગરમાં એક આરબે અંગ્રેજ અધિકારીની ગોપ પાસે હત્યા કરી અને પોતે મોડપરના કિલ્લામાં જામ જસાજીના આશ્રયે આવી ગયો

હતો. ત્યારે અંગ્રેજોએ તેને સોંપી દેવાની માંગણી કરી. જામે ન સોંપતા કેપ્ટન કર્નાક, ગંગાધર શાસ્ત્રી, ફતેહસિંહ ગાયકવાડ, મીર કમાલુદીન વગેરે આવ્યા અને યુદ્ધ થયું. અંતે સમાધાન થતાં આરબને સોંપ્યો. એ આધુનિક ભૂચર મોરીના યુદ્ધનો બનાવ છે.

: પરિશિષ્ટ :

(અ) જામસાહેબની વંશાવળી

જામ રાવળ ૧૫૩૫ થી ૧૫૬૨

જામ વિભાજી ૧૫૬૨ થી ૧૫૬૯

જામ સતાજી ૧૫૬૯ થી ૧૬૦૮

જામ અજાજી — જામ જસાજી ૧૬૦૮ થી ૧૬૨૪

જામ લાખાજી ૧લો ૧૬૨૪ થી ૧૬૪૫

જામ રણમલજી ૧૬૪૫ થી ૧૬૫૧ — રાયસિંહ ૧લો ૧૬૫૧ થી ૧૬૬૪

જામ તમાચી ૧લો ૧૬૭૩ થી ૧૬૯૦

જામ લાખો ૨જો ૧૬૯૦ થી ૧૭૦૯

જામ રાયસિંહ ૨જો ૧૭૦૯ થી ૧૭૧૮

જામ તમાચી ૨જો — જામ લાખો ૩જો

જામ જસાજી

જામ સતાજી — જામ રણમલજી

જામ વિભાજી

જામ જસાજી

જામ રણજીતસિંહ

જામ દિગ્વિજયસિંહ

(બ) ગુજરાતના સુબાઓ

(૧)	મિરઝા અઝીઝ કોકો	ઈસ ૧૫૭૩ થી ૧૫૭૫
(૨)	મિરઝા અબ્દુર રહીમખાન	ઈસ ૧૫૭૫ થી ૧૫૭૮
(૩)	શિહાબુદીન અહમદખાન	ઈસ ૧૫૭૮ થી ૧૫૮૩
(૪)	ઈતિમાદખાન ગુજરાતી	ઈસ ૧૫૮૩ થી ૧૫૮૩
(૫)	મિરઝા અબ્દુર રહીમખાન	ઈસ ૧૫૮૪ થી ૧૫૮૯
(૬)	મિરઝા અઝીઝ કોકો	ઈસ ૧૫૯૦ થી ૧૫૯૨
(૭)	સુલતાન મુરાદ	ઈસ ૧૫૯૨ થી ૧૬૦૦
(૮)	મિરઝા અઝીઝ કોકો	ઈસ ૧૬૦૦ થી ૧૬૦૫
(૯)	સુબો કુલીઝખાન	ઈસ ૧૬૦૫ થી ૧૬૦૬
(૧૦)	રાજા વિક્રમાજીત	ઈસ ૧૬૦૬
(૧૧)	સૈયદ મુરજાખાન બુખારી	ઈસ ૧૬૦૬ થી ૧૬૦૯
(૧૨)	મિરઝા અઝીઝ કોકો	ઈસ ૧૬૦૯ થી ૧૬૧૧
(૧૩)	અબ્દુલ્લાખાન બહાદૂર ફિરાજજંગ	ઈસ ૧૬૧૧ થી ૧૬૧૬
(૧૪)	સુબો મુકર્રબખાન	ઈસ ૧૬૧૬ થી ૧૬૧૮
(૧૫)	શાહજાદો શાહ જહાં	ઈસ ૧૬૧૮ થી ૧૬૨૩
(૧૬)	શાહજાદો દાવરબક્ષ	ઈસ ૧૬૨૩ થી ૧૬૨૪
(૧૭)	સુબો ખાનજહાન લોદી	ઈસ ૧૬૨૪ થી ૧૬૨૭
(૧૮)	સુબો શેરખાન નૂર નાહિરખાન	ઈસ ૧૬૨૮ થી ૧૬૩૧
(૧૯)	સુબો ઈસ્લામખાન	ઈસ ૧૬૩૧ થી ૧૬૩૨
(૨૦)	સુબો બાકરખાન	ઈસ ૧૬૩૩ થી ૧૬૩૪
(૨૧)	સુબો સિપેહદારખાન	ઈસ ૧૬૩૪ થી ૧૬૩૫
(૨૨)	સુબો સૈફખાન	ઈસ ૧૬૩૫ થી ૧૬૩૬
(૨૩)	સુબો આઝમખાન	ઈસ ૧૬૩૬ થી ૧૬૪૨
(૨૪)	સુબો ઈસાતરખાન	ઈસ ૧૬૪૨ થી ૧૬૪૫

(૨૫) શાહજાદો ઔરંગઝેબ ઈસ ૧૬૪૫ થી ૧૬૪૬

(૨૬) સુબો સાઈસ્તખાન ઈસ ૧૬૪૬ થી ૧૬૪૮

(૨૭) મુહમ્મદ દારા શિકોહ ઈસ ૧૬૪૯ થી ૧૬૫૨

(૨૮) સુબો સાઈસ્તખાન ઈસ ૧૬૫૨ થી ૧૬૫૪

(૨૯) મુહમ્મદ મુરાદબક્ષ ઈસ ૧૬૫૪ થી ૧૬૫૮

(ક) જાડેજાઓના ગામ

કચ્છ	–	૯૩૫
નવાવગર	–	૬૩૩
ગોંડલ	–	૧૭૯
મોરબી	–	૧૨૫
ધ્રોળ	–	૬૧
રાજકોટ	–	૬૦
વીરપુર	–	૧૨
કોટડા સાંગાણી	–	૧૮
માળિયા	–	૧૨
મેંગણી	–	૦૮
ગવરીદડ	–	૦૭
પાળ	–	૦૫
ગઢકા	–	૦૬
જાળિયા દેવાણી	–	૧૦
ભાડવા	–	૦૪
રાજપરા	–	૦૮
કોઠારિયા	–	૦૬
શાપર	–	૦૪
લોધીકા	–	૧૨
વડાળી	–	૦૧
ખીરસરા	–	૧૩
સીસાંગ ચાંદલી	–	૦૨
વીરવાવ	–	૦૧
કાંગસિયાળી	–	૦૧
મોવા	–	૦૧
કોટડા નાયાણી	–	૦૧
ધ્રાફા	–	૨૩
સાતોદડ વાવડી	–	૦૪
સોનેથ	–	૦૧
મૂળીલા ડોરી	–	૦૭
સાંતલપુર	–	૩૩